જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૦૪-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાજકોટ-વડોદરા વચ્ચે ખેંચતાણ બાદ આખરે એઈમ્સ ફાળવણી અંગેની નીતિન પટેલે જાહેરાત કરી

મોદી સરકારની ગુજરાતને ભેટ: રાજકોટમાં સ્થપાશે એઈમ્સ

ગાંધીનગર

એઈમ્સ અંગે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. રાજકોટ અને વડોદરા વચ્ચે ખેંચતાણ બાદ રાજકોટને નવી એઈમ્સ ફાળવવામાં આવી છે. રાજ્ય સરકાર તરફથી આરોગ્ય પ્રધાન નિતીન પટેલે આ અંગે સત્તાવાર જાહેરાત કરી છે. રાજકોટ નજીક ખંઢેરી ખાતે નવી એઈમ્સનું નિર્માણ થશે.

આ અંગે સત્તાવાર જાહેરાત કરતા તેમણે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારે ૩૧ ડિસેમ્બરે એઈમ્સની મુંજુરી આપી હતી. જેને લઇને સર્વે કર્યા બાદ રાજકોટમાં એઈમ્સ ફાળવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, સરકારે તજજ્ઞો અને નિષ્ણાંતોની કમિટિના અભ્યાસ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલના આધારે રાજકોટમાં એઈમ્સ બનાવવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનિય છે કે, રાજકોટ કે વડોદરા વચ્ચે એઈમ્સ બનાવવા અંગે ખેંચતાણ હતી. આ તકે તેમણે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં ગુજરાતને એક પણ એઈમ્સ ફાળવવામાં આવી નહોતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતનો એઈમ્સ ફાળવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી અને તે હેઠળ કેન્દ્ર સરાકારે ગુજરાતને એઈમ્સ ફાળવવાનું વચન પાળ્યું છે. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ વતી કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો.

રાજકોટને ફાળવવામાં આવેલી એઈમ્સમાં મેડિકલ કોલેજ, રિસર્ચ સેન્ટર અને ૮૦૦ થી ૧૦૦૦ બેડની હોસ્પીટલ હશે. આ એઈમ્સ કુલ ૧૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે.

તેમણે વધુમાં કહ્યું કે, રાજકોટને AIIMSને ભેટ મળતા હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજમાં એમબીબીએસ માટે ૧૦૦ બેઠકો ફાળવવામાં આવી છે. આથી ગુજરાતના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે તક વધશે. એઈમ્સને લીધે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓને આરોગ્ય સેવાઓ માટે બહુ મોટો લાભ મળી શકશે. મેડિકલ ટુરિઝમને વેગ મળશે. સાથે રોજગારીની નવી તકો ઊભી થશે.

AIIMS માટે હવે ભાજપમાં જ બે અલગ અલગ ભાગ પડી ગયા હતા. સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના નેતાઓએ AIIMS મામલે સરકારમાં રજૂઆત કરી હતી. તો વડોદરા સહિત મધ્ય ગુજરાતના ધારાસભ્યોએ પણ વડોદરામાં AIIMS બને તેવી રજૂઆત કરી હતી. વડોદરામાં AIIMS બનાવવા મામલે મધ્ય ગુજરાતના ૮ ધારાસભ્યોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજૂઆત કરી હતી. મધુ શ્રીવાસ્તવ, કેતન ઇનામદાર સહિતના ધારાસભ્યોએ મુખ્યમંત્રીને મળીને એઈમ્સની માગ કરી હતી. પરંતુ હવે રાજકોટમાં AIIMS બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પંજાબના ગુરદાસપુરમાં રેલીની સાથે વડાપ્રધાને પ્રચાર અભિયાનનો શંખનાદ ફૂંક્યો

વોટ બેંક માટે અસત્ય અને વિશ્વાસઘાતની રાજનીતિ કરે છે કોંગ્રેસ: મોદી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના ગુરદાસપુરમાં રેલીની સાથે જ પ્રચાર અભિયાનની શરૂઆત કરી. તેમણે રેલીની શરૂઆતમાં ગુરુનાનાક દેવનો ઉલ્લેખ કર્યો. આ ઉપરાંત દેવ આનંદ અને વિનોદ ખન્નાને પણ યાદ કર્યા. મોદીએ ૧૯૮૪ના શીખ વિરોધી તોફાનોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, કોંગ્રેસ રાજમાં હજારો શીખોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા. શીખોને ન્યાય પણ ન આપ્યો. પરંતુ હવે તમામ દોષીઓને સજા મળશે.

મોદીએ પોતાના ભાષણમાં કહ્યું કે, ભાગલા વખતે કોંગ્રેસની નીતિઓના કારણે કરતારપુર સાહિબ પાકિસ્તાનમાં જતું રહ્યું. તેના કારણે ૭૦ વર્ષ સુધી શીખ શ્રદ્ધાળુઓને દૂરબીનથી કરતારપુર સાહિબના દર્શન કરવા મજબૂર થવું પડ્યું. વડાપ્રધાને કહ્યું કે, ગુરદાસપુરની ધરતી દેશ, સમાજ, માનવતા માટે હંમેશાથી પ્રેરણા આપનારું રહ્યું છે. જેથી વર્ષ ૨૦૨૨ સુધી ઈંદ્રીહલ્કેકના નિર્માણ માટે પણ સવા સો કરોડ દેશવાસીઓના સંકલ્પને સિદ્ધ કરવા માટે અહીંથી નવી ઉર્જાનો સંચાર થશે.

જેમનો ઈતિહાસ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચડાનો રહ્યો હોય અને જે આજે પણ દેશના સૈનિકો અને સેનાને નબળી કરવા માટે જૂઠ્ઠાણું ફેલાવી રહ્યા હોય, જેમનો ઈતિહાસ માત્ર એક પરિવારના જયગાન કરી રહ્યા હોય અને તે આજે પણ વંદે માતરમ અને ભારત માતાનો વિરોધ કરી રહ્યા છે. મોદીએ કહ્યું કે, પંજાબની સ્થિતિ કંઈ અલગ નથી. અહીં પણ ખેડૂતોની આંખમાં ધૂળ નાંખીને કોંગ્રેસ સત્તા પર આવી ગઈ છે. દેવા માફીનો ખોટો વાયદો આપીને વોટ મેળવી લીધા. કોંગ્રેસના લોકોએ સંસદમાં પોતે જ માની લીધું કે તેઓએ ૧.૫ વર્ષમાં માત્ર ૩૪૦૦ કરોડ રૂપિયાનું દેવું માફ કર્યું. જે ગરીબ ખેડૂતોએ દેવું લીધું હતું તેમને તેનો લાભ જ ન મળ્યો. મોદીએ કહ્યું, પંજાબમાં રાવીની ધારા વહે છે, પરંતુ ખેડૂત બૂંદ બૂંદ પાણી માટે તરસે છે. પાણી માટે ખેડૂતોને મોટી કિંમત ચુકવવી પડે છે. જે રીતે કોંગ્રેસે દેશને ગરીબી હટાવોના નારા સાથે ઠગ્યાં હતા તેવી જ રીતે હવે દેશને દેવા માફીના નામે ઠગે છે.

બોમ્બે હાઈકોર્ટે એફઆઈઆર રદ કરવાની માગણી રદ કરી

લિવ ઈન રિલેશનશીપ દરમિયાન સંમતિથી બાંધેલ યૌન સંબંધ દુષ્કર્મ નથી: સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે લિવ ઈન પાર્ટનર્સ વચ્ચે સંમતિથી સ્થાપિત થયેલા શારીરિક સંબંધો બળાત્કાર ગણી શકાય નહીં. આવા લિવ ઈન પાર્ટનર દ્વારા પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં લગ્ન કરવામાં આવે નહીં તો પણ તેને બળાત્કાર ગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રની એક નર્સ દ્વારા એક તબીબ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને નામંજૂર કરતા મહત્વનો ચુકાદો આપ્યો છે. ફરિયાદી નર્સ અને આરોપી તબીબ કેટલાક સમય સુધી એકબીજાના લિવ ઈન પાર્ટનર હતા. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એ. કે. સિકરી અને જસ્ટિસ એસ. અબ્દુલ નજીરની ખંડપીઠે તાજેતરમાં આપેલા એક ચુકાદામાં કહ્યું હતું કે બળાત્કાર અને સંમતિથી બનાવવામાં આવેલા શારીરિક સંબંધો વચ્ચે સ્પષ્ટપણે અંતર છે. આવા પ્રકારના મામલાઓમાં અદાલતે સંપૂર્ણપણે સતર્કતા સાથે ચકાસણી કરવી જોઈએ કે શું આરોપી હકીકતમાં પીડિતા સાથે લગ્ન કરવા ઈચ્છતો હતો અથવા તેની ખોટી મનસા હતી તથા પોતાની જાતીય ઈચ્છાઓને પૂર્ણ કરવાના બદઈરાદાથી તેના દ્વારા ખોટા વાયદો કરવામાં આવ્યો હતોપ કારણ કે ખોટી મનસાથી અથવા ખોટા વાયદો કરવો ઠગાઈ અથવા છેતરપિંડી ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે જો આરોપીએ પીડિતા સાથે જાતીય ઈચ્છાપૂર્તિના એકમાત્ર ઉદ્દેશ્યથી વાયદો કર્યો નથી, તો આવા પ્રકારની ઘટનાને બળાત્કાર માની શકાય નહીં.

હંગામા બાદ લોકસભા સ્થગિત: ૧૯ સાંસદો ૪ દિવસ માટે સસ્પેન્ડ

ન્યુ દિલ્હી

લોકસભામાં ગુરૂવારે ટીડીપીના ૧૨ અને AIADMKના ૭ સાંસદોને વેલમાં આવી જવા પર ૪ દિવસો માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા. સંસદની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી છે. સવારે સંસદની કાર્યવાહી શરૂ થતાં જ એઆઈડીએમકે અને તેલુગૂ દેશમ પાર્ટીના સદસ્યો સ્પીકરના આસન પાસે પહોંચી પોતાની માંગોને લઈને નારેબાજી કરવા લાગ્યા હતા.

એઆઈડીએમકેના સાંસદ કાવેરી નદી પર બાંધ બનાવવાના પ્રસ્તાવને પાછો લેવાની માંગ કરી રહ્યા હતા, જ્યારે ટીડીપીના સાંસદોએ આંધ્ર પદેશને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગને લઈને હંગામો કર્યો હતો.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરો)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું સહજ દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, ઉપરાંતો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઘટ દુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. કોનેસન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને સેકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃતિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જાણ કરવી. સાચી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રકતદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃતિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાળવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Paras SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેટની ₹330 | 3 સાડી અલહેલી ઇમિટેશ સાથે ₹450 | 3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo.: 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

ભારતિય સમાજમાં વસ્તા જેવા સિક્કાર દેશમાં લાગવિકોની ઓછી આવક અને અસરદા નોકરીથી, ટ્રેડોજગારી, બિઝનેસમાં તુટેલ મકાનો કરારી સમસ્યા સહિત વર્ગોને જુવાન જુવાનમાં સ્થાપર મુજરવીલોનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના સહયોગથી Market4U દ્વારા નાગરિકોની સરળ, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સુદૃઢ પ્રયાસ કર્યો છે.

તો આવો તી ભારતીયો એકબીજા સાથે જોડાઈ સરળ, નોકરી અને જાહેરાત પેપી મૂલ્યવૃદ્ધ પ્રયત્નો જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈને અને અમારો આ મિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાઓને ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને સરળતી નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગો ચાર્જિક રૂપે માત્ર રૂ. ૨૨૦૦/- જ તે અને તે પણ હપ્તેથી. સરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- ભરીને આ સરવાના ત્યારબાદ અમારો ચોકરી આપેલ વ્યક્તિઓની ઓફીસ ફરિયા કામ મુજબ વસેલ સમયમર્યાદી સુધરવા પરી, જે મારે સારી દરમિયાન કોલ્ટ પરથી સમય સમયુ રાખવો.

તો આવો સૌ સાથે મળી સમસ્તીકરણનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેલસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક જીવનસી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સોબતમાં સમાન મેળવી આપના વ્યવસ્થા પિરામીડ

(PLAN - A)
(લાઈફ પર્યન્ત)- (એકજ મોબાઈલ નંબરથી)
આપનો કોલ જ્યાં સુધી ઈન્યુ કરી શકશે.
બીજા માટે આપે ૩૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
(૩૬૫ દિ વર્ષ માટે ૩૦૦૦/- (એકજ મોબાઈલ નંબરથી)
આપનો કોલ ૩૬૫ દિ વર્ષ માટે ઈન્યુ કરી શકશે.
બીજા માટે આપે ૩૦૦૦/- ભરવાના રહેશે.

માત્ર ૫૫૦/-માં

PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં

PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
Total	1850/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

રાણપુર ખાતે ગાંધી મેળાના આયોજન અંતર્ગત બેઠક યોજાઈ



બોટાદ જીલ્લાના રાણપુર ખાતે ૧૫૦મી ગાંધી જયંતી વર્ષમાં ૨૦૧૯ ફેબ્રુઆરી ૧થી ૧૨ સુધીમાં એક દિવસ રાણપુરમાં એક દિવસીય ગાંધીમેળાના આયોજનની ચર્ચા વિચારણા કરવા ભાવનગર, બોટાદ, મહુવા, શિહોર, ચલાળા, ગઢડા, સાવરકુંડલા, ઢસા જીલ્લા ગાંધીમેળા સંકલન સમિતિની બેઠક ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ રાણપુર મુકામે સંયુક્ત જીલ્લા ગાંધીમેળા સમિતિમાં કન્વીનર મનુભાઈ મહેતાના અધ્યક્ષતામાં યોજાઈ હતી જેમાં સ્વચ્છતા ગ્રામ સ્વાવલંબન ખાદી પ્રચાર પ્રસાર, ગ્રામસફાઈ, જળસિંચન, પર્યાવરણીય તથા ગ્રામ રોજગારી અસ્પૃશ્યતા વિચાર વગેરે બાબત અંગે મહાનુભાવો દ્વારા પરિસંવાદ બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ હતી.

આદિવાસી રૂઢી, રીત રીવાજ અને નાચણાના કાર્યક્રમનું આયોજન

સુરત

મહુવા તાલુકાના વાસકુઈ ખાતે તા.૫મીએ શનિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે આદિવાસી રૂઢી, પરંપરા જેમાં જન્મવિધિ, લગ્નવિધિ, મરણવિધિ વિશેષપૂજા અને રીત રિવાજ મુજબના ભવ્ય કાર્યક્રમ યોજાશે. કરચેલીયા હાઈસ્કુલ સામેના મેદાનમાં યોજાનાર આ કાર્યક્રમમાં પાયરો વિધિ (છઠ્ઠી) દહાડો (બારમું) ઘર ભરણી (વાસ્તુ પૂજા) નાટક, ઉજાણી, અસલ વાજિંત્રોનું વાદન, લોકગીત, હોળી નૃત્ય (રાઠવા સમાજ) માંદળ નૃત્ય, મહિલા તુર નૃત્ય, સિધ્ધિ ધમાલ નૃત્ય, સાથે સાથે આદિવાસી ખાના ખજાનામાં દેશી ચા, ભડકું, ચટની સાથે ચોખાના રોટલા, પનેલા, પનેલા, પનું, ઊંડા, ઢીકળા, ખીચડી, ઉબાડયું બફાનુંનો સ્વાદ માણવા અને આદિવાસી સંસ્કૃતિના ભવ્ય વારસાને નિહાળવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા મહુવા તાલુકા આદિવાસી પંચ દ્વારા જણાવાયું છે.

સુરત જિલ્લા પોલીસ વિભાગની સેવા પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ મળશે

રજસ્ટ્રેશન કરાવ્યા બાદ ૧૬ પ્રકારની સેવા ઘરે મળશે

સુરત

ગુજરાત સરકાર (ગૃહ વિભાગ) નવીનતમ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ગુજરાત પોલીસની કાર્યક્ષમતા તેમજ કાર્યકુશળતા વધારવા માટે સતત પ્રયત્નગશીલ છે. પ્રજાજનોને પોલીસ તંત્રના સંપર્ક માટે રૂબરૂ જવું ન પડે તથા સમયનો બચાવ થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા સીટીઝન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

જેની લીંક https://gujhome.gujarat.gov.in/protal છે. જે અંતર્ગત નાગરિકોને પોલીસની કેટલીક સેવાઓ ઈન્ટીરનેટના માધ્યેમથી ઘર બેઠા મેળવી શકે તેવી સુવિધા કરવામાં આવી છે. આ સીટીઝન પોર્ટલ દ્વારા નાગરિકોએ પોતાનું રજીસ્ટ્રેશન કર્યા બાદ ૧૬ સેવાઓ ઓનલાઈન મેળવી શકશે. નાગરિકોને આ સેવાઓનો ઉપયોગ કરવા માટે આ પોર્ટલમાં નોંધણી કરાવવી ફરજીયાત છે. જેમાં નાગરિકે પોતાનું નામ, સરનામુ, કોનટેક નંબર વિગેરે માહિતી આપવાની રહેશે. દરેક નાગરિકે પોતાની યુનિક યુઝરનેમ તથા પાસવર્ડ મળી રહેશે. આ પોર્ટલથી સીટીઝન દ્વારા ઈ-ગુજકોપ એપ્લીદકેશનમાં નોંધાયેલ એફ.આઈ.આર.ની માહિતી પરથી સામાન્યમ જનતા એફ.આઈ.આર.ની કોપી આ સેવાની મદદથી ઓનલાઈન મેળવી શકશે. આ સેવાઓની મદદથી કોઈપણ નાગરિક (પોતાની અરજી તથા અન્યન માહિતી,/ચોરાયેલ/ગુમ થયેલ મિલ્ક તની અરજી અને ગુમ થયેલ વ્ય કિતની અરજી ઓન લાઈન આપી શકે છે. આ સેવાઓની મદદથી કોઈપણ નાગરિક સિનિયર સીટીઝનની નોંધણી, ડ્રાઈવરની, સ્થા/નિક મદદ (ઘરઘાટી) કે ભાડુઆતની નોંધણી પણ કરાવી શકશે. ઓનલાઈનના વાંધા પ્રમાણપત્ર (એનઓ.સી.) અને પોલીસ ચકાસણીનું પ્રમાણપત્ર મેળવી શકશે.સીટીઝન પોર્ટલ દ્વારા ગુમ થયેલ વ્યોકિતની માહિતી, ચોરાયેલ તથા પાછી મળેલ મિલકતની માહિતી, ધરપકડ/વોન્ટેદડ વ્યેકતિની માહિતી અને બિનવારસી લાશની માહિતી પણ ઓનલાઈન મેળવી શકશે.સીટીઝન પોર્ટલ પર અરજદારોની અરજી સબમીટ થયા પછી અરજદારને યુનિક નંબર મળશે. ઉપરોકત પોર્ટલમાં નાગરિકો પોતાની ફરિયાદોનું ટ્રેકીંગ પણ કરી શકે છે. જેથી આ ઓનલાઈન સુવિધાઓનો વધુમાં વધુ લાભ જનતા લે તો તેમને પોલીસ સ્ટે શન પર જવાની જરૂર રહેશે. નહીં.

આજે પારડી ખાતે MSME અંતર્ગત કેમ્પ યોજાશે

વલસાડ

પ્ર ધા ન મં ત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લોન્ચ કરેલા MSME સપોર્ટ એન્ડ આઉટરીચ કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ દિવસની ઝુંબેશમાં સંબંધિતોની જરૂરી જાણકારી આપી લોન આપવા માટેનો કેમ્પ તા.૪/૧/૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ વાગે સર્વે નં.૩૪૦, બાલદા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પાસે, જી.આઈ.ડીસી. પારડી ખાતે યોજાશે. આ કેમ્પમાં વલસાડ કલેકટર સી.આર.ખરસાણ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપશે. આ ઉપરાંત ગવર્મેન્ટ ઈ-માર્કેટના બીઝનેસ ફેસીલેટર સાગર સોની, આઈપીએફટીના સાયન્ટીસ્ટ મંગેશ પાંડે, બેન્ક ઓફ બરોડાના રીજયોનલ મેનેજર કલ્પેશ શાહ તેમજ એગ્રીકલ્ચર વિભાગ નવી દિલ્હીના સેકેટરી ઓ.પી.ચૌધરી દ્વારા બેંકની કામગીરી તેમજ લોન મેળવવા અંગે કરવાની થતી કામગીરી અંગે જાણકારી આપવામાં આવશે. આ કેમ્પમાં સંબંધિતોને ઉપસ્થિત રહેવા લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર સચિન શર્મા દ્વારા અનુરોધ કરાયો છે.

૬૦ લાખના દારૂ ભરેલા ટ્રક સાથે એકની ધરપકડ

સુરત

સુરત જિલ્લાના પલસાણાની હદમાં સ્ટેટ મોનિટરિંગની ટીમે ૬૦ લાખના દારૂ ભરેલી ટ્રકને ઝડપી પાડી હતી. ટ્રક ડ્રાઈવર પોલીસને જોઈ ભાગવા જતા પકડાઈ ગયો હતો. ૧૩૨૨ પેટી દારૂની કિંમત ૬૦ લાખ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પલસાણાની હદમાં આવેલા હિમાલય હિન્દુ હોટેલ પાસે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો આવી રહ્યો હોવાની બાતમી મળી હતી. જેને લઈ સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે વોચ ગોઠવી હતી. પોલીસની ટીમને જોઈ ટ્રક ડ્રાઈવર ભાગી જવાનો પ્રયાસ કરતા તેને પકડી લેવાયો હતો. હાલ પોલીસે આરોપી ટ્રક ડ્રાઈવરની અટકાયત કરી તેની પૂછપરછ કરી રહી છે. જેમાં દારૂ લાવનાર, મોકલનાર અને ડિલિવરી લેનાર સહિત ૯ જેટલા સંડોવાયેલા ભાગેડુ આરોપીઓને પોલીસ શોધી રહી છે.

ભટાર ખાતે વેપારીના ગળામાંથી ચેઈન તૂટી

સુરત

ખટોદરા ભટાર ચાર રસ્તા ઓવરબ્રિજ પાસે વેપારીના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂા. ૬૦ હજારની લૂંટ ચલાવી વાંદરા ટોપી પહેરીને આવેલા બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વેસુ સુકન રેસિડેન્સી ખાતે અશ્વિનીકુમાર વિવેકકુમાર ગુપ્તા રહે છે. ગતરાત્રે તેઓ પોતાની કાપડની દુકાન પરથી ઘર તરફ આવતા હતા ત્યારે ભટાર ચાર રસ્તા ઓવરબ્રિજ પાસે કાળા કલરની મોટર સાઈકલ પર વાંદરા ટોપી પહેરીને આવેલા બે અજાણ્યા ઈસમોએ ગળામાંથી પહેરેલી ૨૦ ગ્રામની સોનાની ચેઈનની લૂંટ ચલાવી પલકવારમાં ફરાર થઈ ગયા હતા. ખટોદરાપોલીસ મથકે લૂંટનો ગુનો દાખલ કરવામાંઆવતા પોલીસે ઘટના સ્થળનું નિરીક્ષણ કરી તપાસ શરૂ કરી હતી.

ગૃહિણીના ગળામાંથી મંગળસૂત્ર તોડી લેવાયું

સુરત

ડીંડોલી મધુરમ સર્કલથી દીપ દર્શન સ્કૂલ તરફ જવાના રસ્તા પર ગૃહિણી ગળામાંથી સોનાનું મંગળસૂત્ર તથા સોનાની ચેઈનની લૂંટ ચલાવી સ્પોર્ટ્સ બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ડીંડોલી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના બહુરૂપા ગામના વતની અને હાલમાં ડીંડોલી રોયલ સ્ટાર ટાઉનશીપ ખાતે રહેતા દીપાલી પંકજભાઈ મિસ્ત્રી ગત સાંજના સુમારે ડીંડોલી મધુરમ સર્કલ પાસેથી એક્ટિવા લઈને પસાર થતા હતા ત્યારે સ્પોર્ટ્સ બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર તથા સોનાની ચેઈનની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા ગૃહિણીએ ડીંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટના સ્થળનું નિરીક્ષણ કરી સીસીટીવી ફૂટેજ એકત્ર કરવાના ચક્રોગતિમાન કર્યા હતા. પોલીસે લૂંટનો ગુનો નોંધ્યો છે. લૂંટારૂઓએ કુલ્લે ૮૦ હજારની મતાની લૂંટ ચલાવી હતી.

પાંડેસરા રોડ પર સગીર છોકરીની છેડતી કરી ગાલ પર થપ્પડ મારી

કિશોરીએ માર મારી ધમકી આપી ધરમ નામનો યુવક ફરાર

સુરત

પાંડેસરા બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે રસ્તો ક્રોસ કરી રહેલી એક સગીરાની છેડતી કરી ધરમ નામનો યુવા ફરાર થઈ ગયો હોવાનો બનાવ પાંડેસરા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાંડેસરા ઈશ્વર નગર સોસાયટી કૈલાશનગર ચોકડી પાસે એક ધરમ બાબુભાઈ ધોળીયા રહે છે. ગતરોજ રાત્રિના સુમારે ટયુશન કલાસીસમાંથી ઘર તરફ આપતી એક વિદ્યાર્થિની પાંડેસરા બીઆરટીએસ રસ્તો ક્રોસ કરી હતી. ત્યારે અજાણ્યો એક છોકરો ત્યાં આવી ધરમ તેરે સાથ બાત કરનાર ચાહતા હૈ એવું જણાવતા તેણીએ વાત કરવાની ના પાડતા આરોપીએ ગાલ પર થપ્પડ મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી સિંચાઈ કોભાંડમાં ચાર આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ

હળવદ ધાગ્રાધાંના ધારાસભ્ય સામે ચાર્જશીટ માટે વિધાનસભા માં અધ્યક્ષની મંજુરીની જોવાતી રાહ

મોરબી : સમગ્ર મોરબી જિલ્લામાં ચકચારી બનેલ કરોડો રૂપિયાના તળાવ કૌભાંડમાં મનપડે તેવો તોડ કરી લેનાર મોરબી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ, મહામંત્રી, જિલ્લા પંચાયતના સદસ્ય સહિતના ૧૪ આરોપીઓને આજે પોલીસે અદાલત સમક્ષ ભાગેડુ જાહેર કરતા સનસનાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જિલ્લાને હચમચાવનાર તળાવ કૌભાંડમાં આજે પોલીસે કોર્ટ સમક્ષ મુખ્ય કૌભાંડી નિવૃત ઈજનેર સહિતના ચાર વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ કરી આ કૌભાંડમાં ભાજપના મોટા માથાઓને ભાગેડુ જાહેર કરતા ખળભળાટ મચી ગયો છે જેમાં રામજીભાઈ કાનજીભાઈ પટેલ રહે: રાજકોટ ,ઘનશ્યામભાઈ ગોહિલ મોરબી જિલ્લા ભાજપ મહામંત્રી રહે: માનસર , ચતુરભાઈ ચરમાળી ,વલ્લભભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ પટેલ મોરબી જિલ્લા પંચાયત સદસ્ય કોગ્રેસ અને પૂર્વ સીચાઈ સમિતિ ના ચેરમેન રહે.ટીકર (રણ) ,પુનાભાઈ દેવાભાઈ રાઠોડ રહે રણમલપુર,અરવિંદભાઈ કોળી તાલુકા પંચાયત સદસ્ય ભાજપ રહે સુસવાવ તા.હળવદ ,મોહનભાઈ દાનાભાઈ રહે સાપકડા તા.હળવદ ,લવજીભાઈ ઉર્ફે ભગત મૂળજીભાઈ ચૌહાણ રહે સાપકડા તા.હળવદ , ભીખાભાઈ ચૌહાણ રહે સુંદરી ભવાની તા.હળવદ ,જેન્તીભાઈ લવજીભાઈ ચૌહાણ રહે સાપકડા તા.હળવદ ,જેન્તીભાઈ સવજીભાઈ પરમાર રહે સાપકડા તા.હળવદ , વશરામભાઈ પેથાભાઈ સોલંકી રહે કોયબા તા.હળવદ , ભરતભાઈ ગોવિંદભાઈ ચૌહાણ રહે સાપડા તા.હળવદ વાળા સહિત ચૈદ આરોપી ને ભાગેડુ જાહેર કર્યા છે.

જો કે મોરબી પોલીસ તળાવ કૌભાંડમાં છેલ્લા ઘણા સમયથી મંથર ગતિએ તપાસ ચલાવતી હોય અને મંડળીના ૪૫ જેટલા કૌભાંડીઓ ખુલ્લા ફરી રહ્યા હોય છતાં પકડતી ન હોય આજે કોર્ટમાં ભાગેડુજાહેર કર્યા બાદ હવે પોલીસ કેવું વલણ અપનાવેછે તે જોવું રહ્યું.

તળાવ કૌભાંડમાં ધારાસભ્ય સાબરીયા વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ કરવા વિધાનસભા અધ્યક્ષની મંજૂરી મંગાઈ,મોરબી જિલ્લાના તળાવ કૌભાંડમાં ઈજનેર કાનાણી સહિત ચાર વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ

મોરબી જિલ્લાને હચમચાવી નાખનાર નાની સિંચાઈ યોજના હેઠળના તળાવ કૌભાંડમાં આજે પોલીસે મુખ્ય કૌભાંડી નિવૃત ઈજનેર કાનાણી સહિત ચાર વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું છે, જો કે જેલવાસ ભોગવી રહેલા ધારાસભ્ય પરસોતમ સાબરીયા વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરવા પોલીસે વિધાનસભા અધ્યક્ષની મંજૂરી માંગી હોય પોલીસ તેમના વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી શકી નથી.

મોરબી જિલ્લામાં નાની સિંચાઈ યોજના હેઠળ કરોડો રૂપિયાના કૌભાંડમાં પોલીસે મોરબી જીલ્લાના નિવૃત પૂર્વ કાર્યપાલક ઈજનેર સી.ડી.કાનાણી, સસ્ટેનેબલ કંન્સટ્રકશન મેનેજમેન્ટ કનસ્લટન્શી રાજકોટના પ્રોપ્રાઈટર ચૈતન્ય જયંતિલાલ પંડયા, વેગડવાવ મજુર સહકારી મંડળીના ભરતભાઈ સવજીભાઈ ચાઠોડ ઉ.૩૩ અને ગણપતભાઈ ઉર્ફે ગણેશભાઈ મોહનભાઈ રાઠોડ, રે.હળવદવાળા ધરપકડ કરી રિમાન્ડ મેળવી જેલ હવાલે કર્યા હતા જેમાં આજે ચારેય આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવ્યું છે.

બીજી તરફ હળવદ તળાવ કૌભાંડમાં લાંચ મામલે હાલ જેલમાં રહેલા ધારાસભ્ય પરસોતમ સાબરીયા અને તેમના સાગરીત ભરત ગણેશિયા પાસેથી નાણાંની રિકવરી બાકી હોવા ઉપરાંત પરસોતમ સાબરીયા સીટીંગ ધારાસભ્ય હોય પોલીસે તેમના વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ કરવા વિધાનસભા અધ્યક્ષની મંજૂરી માંગી હોય જે હજુ મ ળી ન હોવાથી તેમના વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ કરાયું નથી.

રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવથી ડાંગર, મક્કાઈ અને મગફળીની ખરીદી

સુરત

રાજયના ખેડૂતોને પોતાના પાકોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે મોટા પ્રમાણમાં ખરીદી કરવામાં આવી રહી છે. સુરત અને તાપી જિલ્લામાં મગફળી, ડાંગર અને મકાઈને ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદ માર્કેટીગ સીઝન ૨૦૧૮-૧૯ અંતર્ગત ડાંગર, મકાઈ અને મગફળીની ખરીદીની શરૂઆત કરી આજદિન સુધીમાં નાગરિક પુરવઠા નિગમના સુરત જિલ્લાના કેન્દ્રો ખાતેથી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત આજદિન સુધીમાં સુરત જિલ્લામાં ૫૩૩ કિવન્ટલ મકાઈની ખરીદી કરી ૯.૦૬ લાખ અને ડાંગરની ૪૧૫ કિવન્ટલ ખરીદી કરી રૂા.૭.૨૭ લાખ તથા મગફળીમાં ૩૩૨૪ કટા ખરીદી કરી રૂા.૨૯ લાખની ચૂકવણી કરવામાં આવી છે. જયારે તાપી જિલ્લામાં ૧૫૨૦ કિવલન્ટલ મકાઈની ખરીદી કરી ખેડૂતોને રૂા.૨૫.૮૪ લાખ અને ૭૩૩૨ કિવલન્ટલ ડાંગરની ખરીદી કરીને રૂા.૧.૨૮ કરોડની ચૂકવણી કરવામાં આવી છે.

નોંધનીય છે કે, રાજય સરકાર દ્વારા ટેકાના ભાવ ડાંગર(કોમન)ના રૂા.૧૭૫૦ પ્રતિ કિવન્ટલ, મકાઈ માટે રૂા.૧૭૦૦ પ્રતિ કિવન્ટલથી ખરીદી કરવામાં આવી રહી છે. સુરત જિલ્લાના લધુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી http://pds.gujarat.gov.in ઉપર કરાવવા માટે જિલ્લાના બારડોલી, મઢી, મહુવા, માંડવી, માંગરોળ, નવાગામ, ઓલપાડ, કીમ, કડોદરા, સચીન તથા તાપીના વ્યારા, વાલોડ, ઉચ્છલ, સોનગઢ અને કુકરમુંડા ખાતેના રાજય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉના કેન્દ્ર ખાતે સંપર્ક કરવાનો રહેશે.



નવસારી તપોવન સંસ્કાર ધામમાં વાર્ષિક રમત ગમત ઉત્સવ ઉજવાયો



વિદ્યાર્થીઓએ ખેલદીલી પૂર્વક રમવાની પ્રતિજ્ઞા લીધી

સુરત

તપોવન સંસ્કારધામ નવસારીમાં વાર્ષિક રમોત્સવની ઉજવણી તારીખ ૨૩ મી ડીસેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો. ૨૩મી ડિસેમ્બરના રોજ સવારે ૦૯:૩૦ કલાકે ગુરુકુળમાં પૂજ્ય અનંતસુંદર વિજયજી મ.સાહેબના માંગલિક થી શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂ.ગુરુજી એ આશીર્વચનો પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથી વિશેષ તરીકે ડૉ. પ્રણવ પટેલ પધાર્યા હતા. તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી વિનોદભાઈ, શ્રી હેમેન્દ્રભાઈ, શ્રી પારસભાઈ, શ્રી નિમેશભાઈ, શ્રી હર્ષદભાઈ, શ્રી કલ્પેશભાઈ, મેનેજરશ્રી પાંડે સાહેબ, તેમજ ગૃહપતિ શ્રી ભાવિનભાઈ પધાર્યા હતા. આચાર્યશ્રી દિલીપભાઈ દાસ સાહેબે મહેમાનનું સ્વાગત કર્યું હતું, અને ટ્રસ્ટીશ્રી વિનોદભાઈએ સાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. તેમજ આચાર્યશ્રી એ બાળકોમાં ખેલદિલીની ભાવના જાગૃત કરી હતી. ત્યાર બાદ શાળાના હેડબોય મૃગેન્દ્ર સંઘવી એ પરેડ કરાવી મહેમાન અને ટ્રસ્ટી ઓને સલામી આપી હતી. મહેમાન અને ટ્રસ્ટીઓનાં વરદ હસ્તે રમોત્સવ ખુલ્લો મુક્યો હતો. ડૉ. પ્રણવ પટેલે રમતો માં ભાગ લેનાર સ્પર્ધકોને ખેલદિલી પૂર્વક રમશે એવી પ્રતિજ્ઞા લેવડાવી હતી.

ટ્રેલરે કારને અડફેટે લેતા બે ઈજાગ્રસ્ત

ભરૂચ

વડોદરાથી ભરૂચ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર કાર અને એક ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

સુરતનાં રહેવાસી પ્રવિણ લક્ષ્મણભાઈ લાઠીયા પોતાની કાર નંબર જીજે-૦૫, જેસી-૧૭૫૬ લઈને પાલિતાણા ખાતે જઈ રહ્યા હતા. જેઓ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર પાલેજ-કરજણ વચ્ચે આવેલા દેથાણ પાસેની હોટલ વિશાલા નજીકથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન એક ટ્રેલર જેમાં લોખંડની ગડર ભરેલી હોય કારને રોંગ સાઈઢમાંથી ઓવરટેક કરવા જતાં ટ્રેલરમાં ભરેલી ગડર કારને અડી જડતાં અકસ્માત સર્જાયો હતો. ટ્રકમાં ભરેલી લોખંડની ગડર કારના આગળનાં ભાગ ઉપર પડતાં કારનો આગળનો ભાગ સંપૂર્ણ ડેમેજ થઈ ગયો હતો. કારમાં બેઠેલા ગૌરવભાઈને ડાબા પગે ફ્રેક્ચર થયું હતું. જ્યારે પૂનમબહેનને પીઠનાં ભાગે ઈજા થતાં બન્ને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર અર્થે કરજણની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

સુરત હિટ એન્ડ રનઃ ગટરના ઢાંકણા પર સુતેલા માસૂમને કારે કચડ્યો

સુરત

વેસુ વીઆઈપી રોડ પર સી.બી.પટેલ હેલ્થ ક્લબ પાસે મજુરી કામ કરતા મનુભાઈ પારધીના ૮ માસના માસુમ પુત્ર સોનુને સર્વિસ રોડ પર ગટરના ઢાંકણ પર સુવડાવેલો હતો. દરમિયાન પુરપાટ ઝડપે આવેલી લક્ઝુરિયસ કાર(જીજે-૫-આરડી-૩૦૧૧)ના ચાલકે માસૂમ સોનુને કચડી નાખતા મોત થયું હતું. ખટોદરા પોલીસે ભાગી ગયેલા કારના ડ્રાઈવરની ધરપકડ કરી હતી. અને સીસીટીવી આધારે વધુ તપાસ હાથ ધરી છે. જોકે, આખો મામલો રફેદફે કરવા માટે ખટોદરા પોલીસ અને ઉદ્યોગપતિ વચ્ચે પતાવટનો ખેલ પણ ખેલાયો હતો

મરનાર બાળકના પિતા જણાવ્યું હતું કે, હું સર્વિસ રોડ પર બ્લોક બેસાડવાનું કામ કરતો હતો અને મારો દિકરો ગટરના ઢાંકણા પર સુવડાવેલો હતો. વેસુ વીઆઈપી રોડ શ્યામ મંદિરથી તરફથી એક કાર સ્પીડમાં આવી અને મારા દિકરાને કચડીને ચાલી ગઈ, મારા દિકરાને હું અને મારી પત્ની રિક્ષામાં હોસ્પિટલ લઈ ગયા હતા. કારમાં કોણ હતું તે મને ખબર નથી. જોકે, કારનો ચાલક એક્સિડન્ટ કરી ભાગી ગયો હતો. ઈ ડિવીઝનના એસીપી એન.એસ.દેસાઈએ જણાવ્યું હતું કે, અમે કાર્યવાહી કરીશું, સીસીટીવી આધારે કારના ચાલક સંદીપ ગુમાને લાવ્યા છે તેની ધરપકડની કાર્યવાહી કરાશે તેમજ કાર પણ કબ્જે કરી લીધી છે.

ઉદ્યોગપતિ પંકજ ગીજુ પટેલએ જણાવ્યું હતું કે, સંદીપ ગુમા મારા પિતરાઈ પીનલનો ડ્રાઈવર છે. એક્સિડેન્ટ ડ્રાઈવરે કર્યું હતું. ઓફિસના ફૂટેજ પોલીસને આપ્યા છે. અમારા પરિવારના કોઈએ એક્સિડન્ટ કર્યું નથી. બાળકને હોસ્પિટલ લઈ જનાર સુપરવાઈઝર આશીષ પટેલે જણાવ્યું હતું કે, હું કે.કે.બી કોન્ટ્રાકટમાં સુપરવાઈઝર છું, વેસુમાં એક કારના ચાલકે અમારા કોન્ટ્રાકટમાં કામ કરતા મજૂરના પુત્રને કચડી નાખ્યો હતો. રાજુ ગીજુના પરિવારજનો પણ હોસ્પિટલમાં આવ્યા હતા.

પ્રજાસત્તાક દિન પર્વે રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિની થશે

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ની ઉધના ઝોન વિસ્તારમાં ઉજવણી અંતર્ગત ધ્વજવંદન બાદ યોજાનાર દેશભક્તિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિની તા.૧૧-૧-૨૦૧૯ને શુક્રવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ચોસઠ જોગણીમાતાના મંદિર પાસે, નવજીવન હ્યુન્ડાઈ રોડ, ખટોદરા ખાતે યોજાવામાં આવનાર છે. સ્કુટિનીમાં ફક્ત ઉધના ઝોન વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓ શાળાના ગણવેશમાં ૨૫ થી ૩૦ જેટલા બાળ કલાકારોની કૃતિઓ જેવી કે સ્વાગત ગીત, દેશભક્તિ પર આધારિત નૃત્ય, લોકનૃત્ય જેવા સીડી પર રજૂ કરવાના રહેશે. આ અંગે વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

પાણીકાપથી પરેશાન ખેડૂતો વિરોધ વ્યક્ત કરવા ૮મીએ જળયાત્રા કાઢશે

સુરત

સિંચાઈ વિભાગ દ્વારા ઉકાઈ ડેમમાં પાણી ન હોવાનું કારણ આગળ ધરી ખેડૂતોને પાણી આપવાની ના પાડી દીધી હતી. જેને લઈ ૧૦ હજાર થી વધુ ખેડૂતો દ્વારા ૮ મી જાન્યુઆરીએ જળયાત્રા કાઢવામાં આવશે. આ રેલી જીનિંગમિલથીં સિંચાઈ વિભાગ સુધી કરાશે અને વિરોધ વ્યક્ત કરવામાં આવશે.

દક્ષિણ ગુજરાતમાં સામાન્ય રીતે ખેડૂતો ડાંગર અને શેરડીનો પાક ઉગાડતા હોય છે. જો કે આ વર્ષે સિંચાઈ વિભાગ દ્વારા ઉકાઈ ડેમમાં પાણી ઓછું હોવાનું કારણ આગળ ધરીને ૬૫ દિવસ પાણી ના કાપનો પરિપત્ર જાહેર કરી આ સમયગાળામાં પાક ન લેવા સૂચન કર્યું હતું. જો કે પાણી કાપને લઈ ખેડૂતોને રૂ ૧ હજાર કરોડનું નુકસાન જાય તેવી ભીતિ સેવાઈ હતી. જેથી ખેડૂતો દ્વારા વચ્ચેના ૧૫ દિવસ પાણી આપવા માટે સિંચાઈ વિભાગને રજુઆત કરાઈ હતી. આમ છતાં સિંચાઈ વિભાગ દ્વારા પાણી આપવાનો સાફ ઈનકાર કરી લીધો હતો. જેથી ખેડૂતો દ્વારા ૨૮મી ડિસેમ્બરે જળ યાત્રા કાઢી વિરોધ નોંધાવવાનું નક્કી કર્યું હતું. પરંતુ પોલીસ કમિશનર દ્વારા આ રેલી ને મંજૂરી અપાઈ ન હતી. ખેડૂત સમાજ દ્વારા ફરી રેલીની પરમિશન માંગવામાં આવતા ૮ મી જાન્યુઆરીની મંજૂરી અપાઈ છે. જો કે આ રેલીની મંજૂરી જીનિંગ મિલને બદલે અડાજણથી આપવામાં આવતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો. કારણ કે જે રૂટ આપ્યો છે તે સિંચાઈ વિભાગની ઓફિસથી ખૂબ જ નજીક નો આપવામાં આવ્યો છે. હાલ ખેડૂતો દ્વારા વિવિધ ગામો માં ફરી જળ યાત્રા માં વધુ માં વધુ લોકો જોડાઈ તેવા પ્રયાસો કરાઈ રહ્યા છે.

કંકોત્રી પર લખ્યુ,ચાંદલો ન કરવો પણ મારા વ્હાલા મોદીજીને વોટ આપવો..!!

સુરત

વર્ષ ૨૦૧૯માં ચૂંટણીનો સૌથી મોટો કુંભમેળો થવાનો છે. આમ તો કુંભમેળો અને ક્રિકેટનો વિશ્વકપ એક પ્રકારે મેળો જ છે જે આ વર્ષે જ છે. પણ ઈલેક્શન સૌથી મોટો મેળો છે. લોકો યેન કેન પ્રકારે ચૂંટણીના આ મેળામાં ભાગ લઈ રહ્યા છે.

પોતાના પ્રિય નેતાને ચૂંટણીના મેદાનમાં પ્રમોટ કરવાના હોય તો સૌથી મોટી કઈ જગ્યા હોવાની ? હોર્ડિંગ કરતા પણ આ જગ્યા સૌથી મોટી છે !! વિચારો કે લગ્નની કંકોત્રી પર કોઈ એવું લખી નાખે કે મારા પ્રિય મોદીજીને જ વોટ આપજો તો કેવું લાગે ? આખી જાન અને તેમાં પણ જે પણ જાનમાં જોડાય તે જમવાથી લઈ વરવધુને આશિર્વાદ આપતા સમયે કંકોત્રીની જ વાત કર્યા કરે. એમાંય ભાજપ અને ચૂંટણીની.

એક આવું જ વેડિંગ ઈન્વિટેશન સામે આવ્યું છે. જેમાં લખેલું છે કે ૨૦૧૯માં લોકસભા ચૂંટણી સમયે મોદીજીને વોટ આપવો. હજુ ચૂંટણીને તો ૩-૪ મહિનાની વાર છે. પણ ચૂંટણી જાન્યુઆરીની શરૂઆતમાં જ ઠંડીમાં ગરમી પકડી રહી છે. ભાજપને લગ્નમાં પણ પ્રમોશન મળી રહ્યું છે. જેમાં આ અનોખા અંદાજમાં વોટ આપવાની અપીલ કરવામાં આવી છે.

આ વાઈરલ થયેલા લગ્નના કાર્ડમાં લખેલું છે કે, ૨૦૧૯ની ચૂંટણીમાં તમે મોદીને વોટ આપશો તો એ જ અમારી ગીફ્ટ હશે. જેમના લગ્નનું આ કાર્ડ છે તેમનું નામ ધવલ અને જયા છે. બંન્નેના લગ્ન ૧ જાન્યુઆરી ૨૦૧૯માં ગુજરાતના સુરતમાં થયા છે. જેમનું આ કાર્ડ હવે વિવાહના ફેરાની જેમ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યું છે. ઉપરથી ગુજરાત તો ભાજપનો ૨૨ વર્ષોથી ગઢ રહ્યો છે. વિચારવા જેવી વાત એ છે કે ગુજરાતની વિધાનસભાની ચૂંટણી દરમિયાન સુરતની તમામ બેઠકો પર ભાજપે કબ્જો જમાવ્યો હતો. અને જો ત્યાંના લોકોની આ પ્રકારની વિચારસણી હોય તો માનવું રહ્યું કે, કોંગ્રેસ માટે સુરતના દરવાજા હાલ પૂરતા તો બંધ છે.

૬૦ લાખના દારૂ ભરેલા ટ્રક સાથે એકની ધરપકડ

સુરત

સુરત જિલ્લાના પલસાણાની હદમાં સ્ટેટ મોનિટરિંગની ટીમે ૬૦ લાખના દારૂ ભરેલી ટ્રકને ઝડપી પાડી હતી. ટ્રક ડ્રાઈવર પોલીસને જોઈ ભાગવા જતા પકડાઈ ગયો હતો. ૧૩૨૨ પેટી દારૂની કિંમત ૬૦ લાખ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પલસાણાની હદમાં આવેલા હિમાલય હિન્દુ હોટેલ પાસે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો આવી રહ્યો હોવાની બાતમી મળી હતી. જેને લઈ સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે વોચ ગોઠવી હતી. પોલીસની ટીમને જોઈ ટ્રક ડ્રાઈવર ભાગી જવાનો પ્રયાસ કરતા તેને પકડી લેવાયો હતો. હાલ પોલીસે આરોપી ટ્રક ડ્રાઈવરની અટકાયત કરી તેની પૂછપરછ કરી રહી છે. જેમાં દારૂ લાવનાર, મોકલનાર અને ડિલિવરી લેનાર સહિત ૯ જેટલા સંડોવાયેલા ભાગેડુ આરોપીઓને પોલીસ શોધી રહી છે.



જય કુંભકાર ॥ સંઘે શક્તિ કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન
ભરૂચ જિલ્લો
≋ આમંત્રણ પત્રિકા ≋



પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ધોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  (વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે.)
- સમાજના અગ્રણીઓનું ઉદ્‌બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર **સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઈશું.

----------: સંપર્ક સૂત્રો :----------

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282
દિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146
જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
પ્રજ્ઞેશભાઈ દલવાડી, જી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
રમણભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784

પારંપરિક ફુડ કરતા આ ફુડમાં ૫૦ ટકા સુધી વધારે પૌષ્ટિક તત્વો...

ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને

ઓર્ગેનિક ફુડની પેદાશમાં કદ વધારી દેવા માટે કોઇ પણ પ્રકારના કેમિકલ્સનો પ્રયોગ કરવામાં આવતો નથી તે તમામ લોકો જાણે છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે પાકમાં ઉપયોગ કરવામાં આવતા પેસ્ટીસાઇડ્સ શરીરના હાર્મોનના સંતુલનને બગાડી કાઢે છે અને નુકસાન પહોંચાડે છે. એટલુ જ નહીં આ જીન પર પણ પ્રતિકુળ અસર કરે છે. તેના પર નકારાત્મક અસર કરે છે. હાલના દિવસોમાં બજારમાં રહેલા મોટા ભાગના ફળ અને શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે શરીરને ખરુબ વધારે નુકસાન પહોંચાડે છે. આ બાબતની સામાન્ય લોકોને વહેલી તકે માહિતી મળતી નથી. શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે. કેટલીક વખથ સંબંધિત વિભાગના અધિકારીઓ દરોડા પાડીને આ સંબંધમાં માહિતી પણ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વિકલ્પ તરીકે ઓર્ગેનિક ફુડની પસંદગી કરી શકાય છે. હાલના દિવસોમાં વધતી જતી આરોગ્યની સમસ્યાના કારણે લોકો હવે ઓર્ગેનિક ફુડની તરફ આકર્ષિત થઇ રહ્યા છે. નિષ્ણાંતો પણ હવે તેને ડાયટમાં સામેલ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. કારણ કે તે પૂર્ણ રીતે કેમિકલ ફ્રી છે. સાથે સાથે ફળ અને શાકભાજીના કુદરતી ટેસ્ટ પણ આપે છે. એટલે કે ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને મળે છે. ઓર્ગેનિક ફુડ શુ છે તે અંહે લોકોને વધારે માહિતી નથી. પરંતુ આ અંગે માહિતી સામાન્ય લોકો રાખે તે જરૂરી છે. ઓર્ગેનિક ફુડની વાત કરવામાં આવે તો તે રસપ્રદ છે. ઓર્ગેનિક ફુડની સૌથી મોટી બાબત એ છે કે આમાં પેદાશને વધારી દેવા અથવા તો પેદાશના કદને વધારી દેવા માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઓર્ગેનિક ફુડ એ ફુડ હોય છે જે કેમિકલ ફ્રી હોય છે. તેમની પેદાશમાં કોઇ પણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમાં રાસાયણક ખાતર અથવા તો પેસ્ટીસાઇડનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેની પેદાશ અને કદને વધારી દેવા માટે બિનજરૂરિ પ્રયોગો કરવામાં આવતા નથી. આ શાકભાજી અને ફળોનુ ઉત્પાદન કરવા માટે જૈવિક ખેતી કરવામાં આવે છે. આને જૈવિક ખેતી તરીકે પણ લોકો ગણે છે. બજારમાં ઉપલબ્ધ મોટા ભાગના ફળ અને શાકભાજી દેખાવવામાં ફેશ લાગે છે. પરંતુ તે જરૂરી નથી કે ઓર્ગેનિક જ હોય. ઓર્ગેનિક ફુડ સર્ટિફાઇડ હોય છે. અથવા તો તેમના પર સ્ટિકર લાગેલા હોય છે. જેમ કે સામાન્ય મશાલાની સરખામણીમાં તેમાં આંશિક રીતે ગંધ વધારે પ્રમાણમાં હોય છે. સૌથી જરૂરિ અને મહત્વપૂર્ણ બાબત એ છે કે તેમાં જેરી તત્વો હોતા નથી. કારણ કે તેમાં કેમિકલ્સ , પેસ્ટીસાઇડ્સ, ડ્રગ્સ, પ્રિજર્વેટિવ જેવી નુકસાન પહોંચાડનાર ચીજોનો ઉપયોગ કરવામાં આવતો નથી. મોટા ભાગના પેસ્ટીસાઇડ્સમાં ઓર્ગેનો-ફાસ્ફોરસ જેવા કેમિકલ હોય છે. જેમાં કેટલીક પ્રકારન બિમારીનો ખતરો રહેલો હોય છે. આ શરીર માટે ખુબ લાભદાયક છે. પારંપરિક ફુડની તુલનામાં આ ફુડમાં ૧૦ ટકાથી લઇને ૫૦ ટકા સુધી વધારે પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે.

આ ક્ષેત્રમાં આગળ વધવા માટે ટેકનોલોજીમાં રસ અતિ જરૂરી છે...

ડિજિટલ માર્કેટિંગમાં ઉજળી તકો છે



વિદ્યાર્થીઓ ડિગ્રીની સાથે સાથે વેલ્યુ એડેડ પ્રોગ્રામ કરીને કેરિયરને વધારે આકર્ષક બનાવી શકાય છે : ડિજિટલની હવે બોલબાલા વધી છે

આધુનિક સમયમાં ડિજિટલ દુનિયાન બોલબાલા વધી રહી છે. આગામ સમયમાં પણ આનુ મહત્વ હવે સતત વધનાર છે. આવી સ્થિતીમાં ડિજિટલ માર્કેટિંગથી પણ કેરિયરના માર્ગને સરળ અને ઉજ્જવળ બનાવી શકાય છે. જો તમે વર્તમાન સમયમાં સારા કેરિયરની ઇચ્છા રાખો છો તો તમે ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં નોલેજ મેળવીને ઝડપથી સફળતાની નવી મંજિલ સુધી પહોંચી શકો છો. આ ક્ષેત્રમાં આગળ વધવા માટે સૌથી પેલા આપને ટેકનોલોજીમાં રસ જગાવવાની તાકીદની જરૂર હોય છે. જે વ્યક્તિને ટેકનોલોજીમાં આગળ વધવામાં રસ છે તે સરળતાથી આ ક્ષેત્રમાં આગળ વધી શકે છે. દરેક વિદ્યાર્થી ધોરણ ૧૨ પાસ કર્યા બાદ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થાય તે જરૂરી નથી. કેટલાક વિદ્યાર્થીઓ બીએ, બીએસસી, બીકોમ, બીબીએ, બીસીએ સુધી અભ્યાસ કરે છે. આવા વિદ્યાર્થીઓ આ પાઠ્યક્રમોની સાથે વેલ્યુ એડેડ પ્રોગ્રામ કરીને કેરિયરને વધરે આકર્ષક બનાવી શકે છે. વેલ્યુ એડેડ પ્રોગ્રામમાં ડિજિટલ માર્કેટિંગ એક જોરદાર ક્ષેત્ર છે. જેમં કેરિયરને સફળ બનાવવા માટેની વ્યાપક તક રહેલી છે. ડિજિટલ માર્કેટિંગ એક ઉભરતા કેરિયર લક્ષી માર્કેટ છે. વિદ્યાર્થી આને ઓનલાઇન અને ઓફલાઇન બંને રીતે કરી શકે છે. ઉપલબ્ધ ક્ષેત્રની વાત કરવામાં આવે તો કેટલીક બાબત ઉભરીને સપાટી પર આવે છે. સર્ચ એન્જિન ઓપ્ટિમાઇઝેશન અથવા તો એસઇઓની વાત કરવામાં આવે તો જેમ જ અમે ગુગલ અથવા તો યાહુ અથવા તો કોઇ અન્ય સર્ચ એન્જિન પર કોઇ પ્રશ્ન ટાઇપ કરીએ છીએ તો અનેક વિકલ્પ અને સંબંધિત વેબસાઇટ આપની સામે આવી જાય છે. આના ક્રમને નક્કી કરવાનુ કામ એસઇઓનુ હોય છે. સોશિયલ મીડિયા ઓપ્ટિમાઇઝેશન પણ આ રીતે જ છે. સોશિયલ નેટવર્કિંગ મંચથી બિઝનેસના પ્રમોશન માટે પ્રયાસ કરવામાં આવે છે. શુ તમે જાણો છો કે સોશિયલ નેટવર્કિંગ પર માત્ર બ્લોગ લખીને પણ નાણાં કમાવી શકાય છે. આ નવા ક્ષેત્ર તરીકે છે પરંતુ ઝડપથી તેની કુચ થઇ રહી છે. વિદ્યાર્થીઓ સામાન્ય રીતે પ્રશ્ન કરે છે કે ડિજિટલ માર્કેટિંગની શરૂઆત કઇ રીતે કરવામાં આવે તો આનો જવાબ છે કે ડિજિટલ માર્કેટિંગ સાથે સંબંધિત બ્લોગ સતત વાંચવા જોઇએ. શહેરના ડિજિટલ માર્કેટિંગ સાથે સંબંધિત કાર્યક્રમમાં ભાગ લેવાની જરૂર હોય છે. પોતાના બ્લોગ લખવાની શરૂઆત કરવી જોઇએ. વ્યક્તિગત વિશેષતાની વાત કરવામાં આવે તો એસઇઓ અને એસએમઓ મેનેજર બનવા માટે કેટલીક વિશેષતા અપનાવી લેવી જોઇએ. એસઇઓ બનવા માટે સૌથી પહેલા એચટીએમએલના કામને સમજી લેવાની જરૂર હોય છે. પેજ બનાવવા સહિતની માહિતી પણ હોવી જોઇએ. બોલવા અને લખવામાં શ્રેષ્ઠ રહે તે જરૂરી છે. એક એસએમઓ મેનેજર માટે જરૂરી છે કે તે બોલચાલમાં શ્રેષ્ઠ હોય. સોશિયલ મિડિયા સારી રીતે ચલાવી શકે તેવી માહિતી હોવી જોઇએ. કસ્ટમર્સની જરૂરિયાતને સમજી લેવા માટે કેટલીક બાબતોની માહિતી જરૂરી છે. કસ્ટમરોના મનને વાંચી લેવાની કુશળતા હોવી જોઇએ. સોશિયલ મિડિયાના અભિયાનને સરળ રીતે ચલાવી લેવાની કુશળતા હોવી જોઇએ. સોશિયલ મિડિયાના પ્રદર્શનને તીર્વ કરવા માટે કસ્ટમરોની જરૂરિયાતને સમજીને આગળ વધવાની જરૂર હોય છે. કસ્ટમર્સને આકર્ષિત કરવા માટે નવા તરીકા વિચારવા જોઇએ. તેના પર કામ કરવુ જોઇએ. બ્રાન્ડિંગની ખાતરી કરવા માટે અભિયાન ચલાવવા માટેના અનુભવ હોવા જોઇએ. કોમિક સેન્સને લઇને સાવધાની જરૂરી હોય છે. પ્રતિદિનના સોશિયલ મીડિયાના કામમાં થોડીક મસ્તીને ઉમેરી દેવાના પ્રયાસ પણ કરવા જોઇએ. જેથી આ મેનેજરોનાકોમિક સેન્સ જોરદાર હોવા જોઇએ. ત્યારે જ કેટલીક ક્રિએટિવ બાબત શક્ય બને છે. કામની તકની વાત કરવામાં આવે તો આ સર્ટિફકેશન કોર્સ સિપ્લીલર્ન , કોર્સઇરા, એક્સ, અપગ્રેડ એમઆઇસીએ, ડિજિટલ વિદ્યા, એન્ડુપ્રિસ્ટિનમાં છે. સોશિયલ મિડિયા મેનેજર, એસઇઓ મેનેજર, કન્ટેન્ટ ડેવલપર, એસઇઓ કન્સલ્ટન્ટ તરીકે કામ કરી શકાય છે. ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં ખુબ સારી તક રહેલી છે. ડિજિટલની બોલબાલા ભવિષ્યમાં વધારે જોવા મળી શકે છે. યુવા પેઢી મોટા ભાગે ડિજિટલ ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે. કારણ કે પગાર આ ક્ષેત્રમાં ખુબ સારા રહેલા છે. કારણ કે કંપનીમાં આની માંગ છે.

હવા બદલાતા બાબા રામદેવે પણ સુર બદલી દેતા સ્પષ્ટ સંકેતો...

કોંગ્રેસની હાલની જીતથી હવા બદલાઇ



મિડિયા, ડોનેશન આપનાર પણ વલણ બદલે તેવા સંકેતો મળવા લાગ્યા છે : એનડીએમાં પણ હલચલ સતત વધી રહી છે

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની જીતથી હવા બદલાઇ રહી છે. આને જોઇને હવે યોગ ગુરૂ બાબા રામદેવના સુર પણ બદલાઇ ગયા છે. મિડિયાનુ વલણ તો એક્ઝિટ પોલના તારણના દિવસથી જ બદલવા લાગી ગયુ હતુ. જ્યારે ડોનેશન આપનાર લોકોનુ વલણ પણ હવે બદલાઇ રહ્યુ છે. ડોનેશન આપનાર લોકો હવાની દિશા સૌથી પહેલા ઓળખે છે. જાહેરાતની દુનિયામાં પણ વલણ બદલાઇ રહ્યુ છે. હવે રાહુલ અને મોદી વચ્ચે સીધી સ્પર્ધા તરીકે પણ કેટલાક લોકો જોઇ રહ્યા છે. મુકાબોલ તમામ લોકો જોઇ રહ્યા છે પરંતુ ખુબ ઓછા લોકો આ બાબતને જાણી રહ્યા છે કે ચાણક્ય અને મહાબલીની છાપ ધરાવતા અમિત શાહ અને નરેન્દ્ર મોદી કઇ રીતે એનડીએના એક જુનિયર સાથી લોકજનશક્તિ પાર્ટીના સાંસદ ચિરાગ પાસવાનના બે ટ્વીટથી ભયભીત થઇ ગયા હતા. ત્યારબાદ કઇ રીતે ઉતાવળમાં તેમની ઇચ્છાની દ્રષ્ટિએ સંખ્યાની સાથે ગઠબંધન કરવાનો નિર્ણય કર્યો હતો. લાલુ પ્રસાદ યાદવ એમ જ રામવિલાસ પાસવાનને રાનીતિના મૌસમ વૈજ્ઞાનિક તરીકે ગણાતા નથી. જો કે ભાજપના નેતૃત્વને ધમકાવવા માટે માત્ર હવામાન વૈજ્ઞાનિકની સમજ પુરતી નથી. આ કામ તો અપના દળ અને સુહેલદેવ ભારતીય સનમાજ પાર્ટીના લોકો પણ કરી રહ્યા છે. જો ભાજપની પાસે મોટા દલિત નેતા ન હોય તો રામવિલાસ પાસવાન જેવા મોટા દલિત નેતાને મનાવી લેવાની મજબુરી છે. વડાપ્રધાનના પછાત હોવા છતાં રાજભર પાર્ટી અને કુર્મી પાર્ટીના લોકો કેમ હોબાળો કરી રહ્યા છે. આ વાત સમજાતી નથી. રાફેલ અને નોટબંધને લઇને ચિરાગ પાસવાનનુ વલણ કેવુ રહેશે તે બાબત તમામ લોકો માટે રહસ્ય છે. રાહુલ માટે પોતાની પ્રશંસાના શબ્દોને કઇ રીતે રજૂ કરશે તે બાબત પર રાજકીય ગણતરી કરવામાં આવી રહી છે. મોદી પોતે પણ હાલમાં પરેશાન હોવાના સમાચાર મળી રહ્યા છે. એકવાત સાચી છે કે રામવિલાસ પાસવાનની સામે ઝુંકીને ભાજપે એનડીએને વધારે મજબુત કરવામાં સફળતા મેળવી છે. આનાથી પણ મોટો લાભ એ થયો છે કે એનડીએની અંદર રહેલી તિરાડોનુ દુર કરવામાં આવી રહી છે. બિહારના કોઇરિયો નેતા ઉપેન્દ્ર કુશવાહ લાંબા સમયથી હા ના કરી રહ્યા હતા અને આખરે એનડીએ સાથે છેડો ફાડી ચુક્યા છે. કુશવાહ એનડીએની વિરોધી પાર્ટીમાં સામેલ થઇ ગયા છે. જીતનરામ માંઝી પણ થોડાક સમય સુધી એનડીએની સાથે રહ્યા બાદ જ્યારે કોઇ સફળતા અને મોટી ચીજ હાંસલ ન થઇ ત્યારે મહાગઠબંધનમાં જતા રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં પણ ઓમપ્રકાશ રાજભર આ સ્થિતીમાં છે. તેઓ ક્યાં સુધી એનડીએમાં રહેશે તે કહવુ મુશ્કેલ છે. તેલુગુ દેશમ પાર્ટી અને પીડીપી પહેલાથી જ એનડીએ સાથે છેડો ફાડી ચુકી છે. શિવસેના પર વિશ્વાસ કરી શકાય નહીં. ચન્દ્રશેખર રાવે ચૂંટણી જીતતાની સાથે જ પેંતરો બદલી દીધો છે. પાસવાનને એક રાજ્યસભા સીટ આપવાથી કામ થઇ ગયુ છે. પરંતુ મોદી અને શાહને પોતાની સત્તા બચાવી લેવા માટે ખુબ મહેનત કરવાની જરૂર દેખાઇ રહી છે. મોદી અને રાહુલ પપ્પુને રોકી શકશે કે કેમ તે બાબત પર કઇ કહેવુ હવે મુશ્કેલ છે. રાજકીય પંડિતોની સાથે સાથે બજારના જાણકાર લોકો પણ માને છે કે અચ્છે દિન આયેગે સબકા સાથ સબકા વિકાસની આકર્ષક કેચ લાઇનના સ્લોગનને બદલી નાંખવાની જરૂર છે. સ્વર્ગ લાવવા માટેનુ વચન છેલ્લી વખત જ કરી દેવામાં આવ્યુ હતુ.નરેન્દ્ર મોદી અને અમિત શાહ માટે ચૂંટણી ખુબ પડકારરૂપ રહેનાર છે. અલબત્ત ભાજપની પાસે પુરતા સંશાધન છે અને રણનિતી છે. જો કે તેમની સામે મુશ્કેલી ઓછી નથી. એકાએક હવા બદલાઇ જવાથી મોદી અને શાહને પણ આ વાત સમજાઇ રહી ન હશે કે જે ચિરાગને તેમના દ્વારા ભરવામાં આવી રહ્યા હતા તે તેમના મહેલની સામે કેમ ખતરારૂપ બની રહ્યા છે. એનડીએની અંદર કુશવાહ, પાસવાન અને રાજભર ઉપરાંત શિવસેના દ્વારા પણ વારંવાર પ્રહારો કરવામાં આવ્યા છે. ભાજપની અંદર અવાજ ઉઠી રહ્યાછે. એનડીએ માટે હાલના ગાળો સારો દેખાઇ રહ્યો નથી. જો કે તમામ એનડીએ સાથી પક્ષો સાથે રહીને આગળળ વધે તો સરળ રીતે જીત મેળવી શકાય છે. જો કે મોદી અને અમિત શાહને તમામ તાકાત પોતાની રીતે લગાવી દેવી પડશે. અલબત્ત હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સત્તા ગુમાવી છે પરંતુ ભાજપે સારી સીટો હાંસલ કરી છે. તેની અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની સંખ્યા વચ્ચે અંતર નહીંવત જેવા છે. જેથી એકદમ પરેશાન થવાને લઇને ચિંતાની જરૂર નથી.

વચનોના કારણે મોદી પરેશાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આગાહી દિવસોમાં તેમની સૌથી લોકપ્રિય નેતા તરીકેની છાપ જાળવી રાખવાની બાબત મુશ્કેલરૂપ બની રહી છે. વાસ્તવિકતા એ છે કે જેટલી મહેનતની સાથે મોદીએ તેમની ઇમેજ બનાવી હતી તેટલી જ રીતે હવે તેમની ઇમેજને માઠી અસર થઇ રહી છે. મોદીએ લોકસભાની ચૂંટણી દરમિયાન વિદેશમાંથી કાળા નાણાં પરત લાવવા અને ૧૫-૧૫ લાખ રૂપિયા તમામના ખાતામાં જમા કરવા અને બે કરોડ લોકોને વાર્ષિક રોજગારી આપવાના વચન સાથે પ્રચાર કર્યો હતો. આટલા મોટા વચનના કારણે જ તેમની સમસ્યા વધી ગઇ છે. ખેડુતોની આવક દોઢ ગણી કરવાના વચન પણ આપવામાં આવ્યા હતા. વર્ષમાં એક કરોડ આવાસ બનાવવા માટેનુ વચન પણ આપવામાં આવ્યુ હતુ. મોદીએ આ પ્રકારના પડકારૂપ વચન આપીને તેમની



માટે સમસ્યા સર્જી હતી. પ્રચંડ અને ઐતિહાસિક જીત બાદ વચન પૂર્ણ કરવાની બાબત તેમની સામે મોટી હતી. તેમના વચન પણ મોદીની સામે હવે ભારે પડી રહ્યા છે. એટલામાં ઓછુ હોય તેમ હવે રામમંદિરનો મુદ્દો પણ આવી ગયો છે. જ્યારે કામના નામ પર નોટબંધી, જીએસટી અને જનધન જેવી સ્કીમને લઇને તેઓ પોતે હવે વાત કરતા નથી. વિકાસ પુરૂષ બનવા માંગે છે પરંતુ નવા અને જુના આંકડા વચ્ચે તાલમેળ બેસાડી દેવાના પ્રયાસ કરે છે.

પૂર્વોતરની સ્થિતી સુધરી

પૂર્વોતરના રાજ્યોમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતી સતત સુધરી રહી છે. આના સંકેત પણ મળવા લાગી ગયા છે. હાલમાં જ મેઘાયલ અને અરૂણાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાંથી આફ્સ્પાને દુર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેનુ પૂર્વોતરમાં સામાન્ય રીતે સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ વિસ્તારોની જમીની વાસ્તવિકતા એ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં સશસ્ત્ર જુથોની ગતિવિધીમાં ભારે બ્રેક મુકાઇ છે. હિંસક ઘટનાઓ પણ હવે ક્યારેક જ બની રહી છે. સશસ્ત્ર ગતિવિધી ફરી માથુ ઉંચકી શકે છે તેવી દહેશત પણ નહીંવત જેવી છે. આઇએસઆઇ તથા અન્ય બહારના ત્રાસવાદી સંગઠનોની સંડોવણી પણ ખુબ ઓછી થઇ ગઇ છે. સશસ્ત્ર બળો માટે પણ આ બાબતનુ ધ્યાન રાખવાની જરૂર છે કે કાયદાના અમલીકરણ પર કોઇ કલંક ન લાગે. જો તેઓ દોષિત જાહેર થાય તો તેમની સામે કાર્યવાહી થવી જોઇએ. આ વાસ્તવિકતા છે કે લોકોને પોતાના ભાવિના સંબંધમાં નિર્ણય કરવાની સત્તા હોવી જોઇએ તેમને અધિકાર હોવા જોઇએ. દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદે ૨૨મી મે ૧૯૫૮ના દિવસે સશસ્ત્ર બળ (આસામ અને મણિપુર) વિશેષ શક્તિ વટહુકમ ૧૯૫૮ જારી કર્યુ હતુ. તત્કાલીન અસામના નાગા હિલ્સ જિલ્લાના નાગા બળવાખોરો દ્વારા ભારતથી અલગ થવાની માંગ કરવામાં આવી રહી હતી જેના કારણે આને લાવવાનો નિર્ણય કરાયો હતો. ૧૧મી સપ્ટેમ્બર ૧૯૫૮ના દિવસે સંસદમાંથી પસાર થઇને આને વટહુકમનુ સ્વરૂપ અપાયુ હતુ. મોડેથી આનો અધિકાર ક્ષેત્ર પૂર્વોતરના સાત રાજ્યો સુધી વધારી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હવે તે વટહુકમ સશસ્ત્ર બળ ખાસ શક્તિ વટહુકમ ૧૯૫૮ તરીકે ગણાય છે. જેનુ ટુંકમાં નામ અફસ્પા છે. જે હિસ્સામાં હજુ પણ આ અફસ્પા લાગુ છે તેમાં નાગાલેન્ડ, અસામ, મણિપુર (ઇમ્ફાલના સાત વિધાનસભા ક્ષેત્રને બાદ કરતા)અને અરૂણાચલ પ્રદેશના કેટલાક વિસ્તારનો સમાવેશ થાય છે. મણિપુરમાં હજુ કેટલાક લોકો અફસ્પાને દુર કરવાની માંગ કરી રહ્યા છે. થોડાક સમય પહેલા ગૃહ મંત્રાલય દ્વારા મેઘાલયમાંથી વિવાદાસ્પદ આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર એક્ટ (એએફએસપીએ)ને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય કરાયો હતો. અરુણાચલ પ્રદેશના કેટલાક ભાગોમાંથી પણ આ એક્ટને દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી મેઘાલયના ૪૦ ટકા ક્ષેત્રમાં અફસ્પા અમલી હતો. પરંતુ રાજ્ય સરકાર સાથે હાલમાં થયેલી વાતચીત બાદ મેઘાલયમાંથી અફસ્પાને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ રીતે અફસ્પા હવે અરુણાચલ પ્રદેશના માત્ર આઠ પોલીસ સ્ટેશનમાં અમલી છે જ્યારે ૨૦૧૭માં આ ૧૬ પોલીસ સ્ટેશનોમાં અમલી હતો. એક અન્ય નિર્ણયમાં ગૃહમંત્રાલયે પૂર્વોત્તરમાં બળવાખોરો માટે આત્મસમર્પણ અને પુનર્વસવાટ નીતિ હેઠળ મદદની રકમ એક લાખ રૂપિયાથી વધારીને ચાર લાખ રૂપિયા કરી દીધી છે. આ નીતિ પહેલી એપ્રિલ ૨૦૧૮થી અમલી કરી દેવામાં આવી હતી.

વ્યવસ્થા યોગ્ય રીતે ચલાવી શકાય તે માટે આફસ્પા જેવી શ્રેણીબદ્ધ જોગવાઇ કરાઇ

રાજ્યકક્ષાનાં સ્પેશિયલ ખેલ મહાકુંભમાં નવસર્જન સંસ્થાનાં માનસિક દિવ્યાંગ બાળકોનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન






રમત-ગમત,યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ,સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત માનસિક દિવ્યાંગ બાળકો માટેનાં રાજ્યકક્ષાનાં સ્પેસિયલ ખેલ મહાકુંભનું આયોજન ગાંધીનગર અને અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરમાંથી એક હજાર ઉપરાંત દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં વલસાડ જિલ્લામાંથી ૭૨ માનસિક દિવ્યાંગ બાળકોએ ભાગ લીધો હતો.

રાજ્યકક્ષાનાં માસનક દિવ્યાંગ બાળકો માટેનાં સ્પેસિયલ ખેલ મહાકુંભમાં વલસાડ જિલ્લાનાં ૭૨ માનસિક દિવ્યાંગ બાળકોએ એથ્લેટીક્સ,સાયકલીંગ,બોચી જેવી રમતમાં ભાગ લીધો હતો. જેમાં બોચીની રમતમાં સોનાલી કોરીએ ગોલ્ડ મેડલ અને પ્રિયાંક લાડે સિલ્વર મેડલ ,અહદ શેખે ૧૦૦ મીટર રનમાં સાયકલીંગમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. જયારે હેતલ દેશમુખે ૧૦૦૦ મીટર સાયકલીંગમાં મનસુરી, દિવ્યા પટેલ, ભાવેશ પટેલ, પ્રિયંકા સરોજ, સોનાલી કોરી અને ધ્રુવ પટેલે એથ્લેટીક્સ,સાયકલીંગ,બોચી જેવી રમતમાં ભાગ લીધો હતો. જેમાં બોચીની રમતમાં સોનાલી કોરીએ ગોલ્ડ મેડલ અને પ્રિયાંક લાડે સિલ્વર મેડલ ,અહદ શેખે ૧૦૦ મીટર રનમાં સાયકલીંગમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. જયારે હેતલ દેશમુખે ૧૦૦૦ મીટર સાયકલીંગમાં સિલ્વર મેડલ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું હતું. જેમને સંસ્થાનાં શિક્ષકો શ્રીમતી કિનાબેન દેસાઈ, દિપકભાઈ પટેલ તથા સંસ્થાનાં ટ્રસ્ટીઓ અને કર્મચારીઓએ અભિનંદન પાઢવ્યા હતા.

રાજ્યકક્ષાનાં માનસિક દિવ્યાંગ બાળકો માટેનાં સ્પેસિયલ ખેલ મહાકુંભમાં વલસાડ જિલ્લાનાં ૭૨ માનસિક દિવ્યાંગ બાળકોએ સાયકલીંગ,બોચી જેવી રમતમાં ભાગ લીધો હતો અને ૧૦ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલો મેળવી જલલાનું નામ રાજ્યકક્ષાએ રોશન કર્યું હતું. તમામ વિજેતાઓને સ્પેશિયલ ઓલિમ્પિકસ ગુજરાત વલસાડનાં ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર શ્રી હિમાંશુભાઈ પટેલ તથા સ્પોર્ટસ્ ડાયરેકટર શ્રી ગજુભાઈપટેલ હાર્દિક અભિનંદન પાછવ્યા હતા.

તા.૧ ઉમી જાન્યુઆરીએ અબ્રામા-સૂરત તાપી નદીના તટે ભક્તિધામ આછવણી દ્વારા ૧૦૦૮ કુંડી સૂર્યયાગ કરાશે



વલસાડ

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં આવેલું પ્રગટ પ્રગટેશ્વર ધામ કે જે ભક્તિધામના નામે ઓળખાય છે, તેના ધર્માચાર્ય પરભુદાદા તેમજ ગુરુમાતા રમાબાના સાંનિધ્યમાં તા.૧૩મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ મોટા વરાછા, અબ્રામા, સૂરતના પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ ખાતે ૧૦૦૮ કુંડી સૂર્યયાગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞકાર્ય પ્રારંભ માટેનું ધજારોહણ આજે તા.૩જી જાન્યુઆરીના રોજ ધર્માચાર્ય પરભુદાદાના સાંનિધ્યમાં યજ્ઞ સ્થળે કરવામાં આવ્યું હતું.

આ બાબતે જાણકારી આપતાં પ્રમુખ બિપીનભાઈ પરમાર-નવસારી, મંત્રી ગોપાળભાઈ પટેલ, આચાર્ય કશ્યપભાઈ જાની અને અનિલભાઈ જોષીએ જણાવ્યું છે કે, જ્યોતિષવિદ્યા અનુસાર ભગવાન સૂર્ય શક્તિ, સત્તા, સ્થિતિ, જીવનશક્તિ અને પિતા સાથેના સંબંધનું પ્રતીક છે. સૂર્યને દિનકર, માસ્કર અને ગ્રહોનો રાજા કહેવામાં આવે છે. રાજસૂર્ય યજ્ઞ વૈદિક ધર્મની પરંપરા છે. યજ્ઞ ભગવાન શિવને સમર્પિત છે. આવા યજ્ઞો પ્રાચીન સમયમાં ભગવાન શ્રીરામ, રાજા હરિશ્ચંદ્ર, શ્રી ધર્મરાજ તેમજ ઋષિમુનિઓ, રાજગુરુઓ દ્વારા થતા હતા. ભગવાન સૂર્ય આત્માનું પ્રતિનિધિત્વ કરે છે અને તમામ પ્રસંગોના સાક્ષી તરીકે પણ માનવામાં આવે છે. જેના વિવિધ ફાયદાઓ સફળતા, નામ, ખ્યાતિ, વ્યક્તિત્વ મેળવવાની સાથે સારું આરોગ્ય પણ પ્રાપ્ત થાય છે. સૂર્ય સવારે બ્રહ્મા, બપોરે રૌદ્ર અને સાંજે વિષ્ણુનું સ્વરૂપે હોય છે. સૂર્યના દોષોનો ઉપચાર કરવામાં કારગત નીવડે તે હેતુથી એક પિતા સબ પરિવારના સૂત્રને સાર્થક કરનાર અને માનવ હૃદયમાં ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસની જ્યોત અખંડ રહે તે માટે લોકકલ્યાણના હેતુથી પ્રગટ પ્રગટેશ્વરધામ આછવણીના ધર્માચાર્ય પરભુદાદા તથા રમાબાના સાંનિધ્યમાં વિવિધ દેવી દેવતાઓને માનતા યજ્ઞો કરવામાં આવે છે.

યજ્ઞના પ્રારંભ પહેલાં તા.૧૨મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ બપોરે ૩-૦૦ કલાકે શોભાયાત્રાનું આયોજન પણ કરાયું છે. તા.૧૩મી જાન્યુઆરીએ મળસ્કે ૩-૦૦ વાગે દેહશુદ્ધિના કાર્યક્રમ બાદ ૪-૦૦ વાગે ધર્માચાર્ય પરભુદાદાના હસ્તે દીપપ્રાગટ્ય કરી યજ્ઞનો શુભારંભ કરવામાં આવશે. આ યજ્ઞની પૂર્ણાહુતિ સવારે ૧૧-૦૦ કર્યા બાદ ૧૧-૩૦ વાગે મહાપ્રસાદનું આયોજન પણ કરાયું છે. આ યજ્ઞમાં ઉપસ્થિત રહી ભગવાન સૂર્યના આશીર્વાદ મેળવવા પ્રગટ પ્રગટેશ્વર સેવા સમિતિ, આછવણી તેમજ સમગ્ર શિવપરિવાર દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

રામ બગડીયા શાળાનો રંગારંગ વાર્ષિક ઉત્સવ યોજાયો

ના.પો.કમિ. વિધિબેન ચૌધરીનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન

સુરત

વિદ્યામંદિર સોસાયટી સંચાલિત રામલાલ બગડિયા પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ આજે રંગારંગ કાર્યક્રમો વચ્ચે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ પોલીસ કમિશનર વિધિબેન ચૌધરીએ પોતાના બાલ્યાવસ્થાના સંસ્મરણો સંભારીને તેમની કારકિર્દીના ઘડતરનું શ્રેય શિક્ષકોને આપતા જણાવ્યું કે, શાળાજીવન દરમિયાન શિક્ષકોએ સિંચેલ જ્ઞાન અને અને સંસ્કારોનું ભાથુ આજીવન પથદર્શક બની રહેશે. છાંયડો સંસ્થાના સંચાલકશ્રી ભરતભાઈ શાહે શિક્ષણ સાથે સેવાની ભાવના કેળવી યોગી નહિ, પણ સમાજ માટે ઉપયોગી બનવાની શિખામણ આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સ્વચ્છતા, બાળમજૂરી નિવારણ, રોજગાર, કારકિર્દી, સેવ ધ ટાઈગર, પારિવારિક ભાવના જેવી વિવિધ થીમ આધારિત આકર્ષક નૃત્યો રજૂ કર્યા હતા. ઉપરાંત યોગ, કરાટે, હોરર ડાન્સ તથા ગરબા જેવા કાર્યક્રમો યોજાયા હતા. મહાનુભાવોના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં નેત્રદીપક સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. આચાર્ય ચંપાકલીબેન જરીવાલાએ સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિઓનો ચિતાર આપ્યો હતો. આ પ્રસંગે વિદ્યામંદિર સોસાયટીના માનદ મંત્રીશ્રી જવાહેર વાડીયા, અધ્યક્ષશ્રી આનંદભાઈ ચોખાવાલા, ઉપાધ્યક્ષ આર.ડી દેસાઈ તથા પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

૧૮૧ની ટીમ યુવતીની વ્હારે

વલસાડ

વલસાડ જિલ્લાની એક યુવતી સાથે પાંચ વર્ષના સંબંધો રાખ્યા બાદ યુવાને લગ્નની ના પાડતા યુવતિએ ૧૮૧ને ફોન કરીને સહારો લીધો હતો. ૧૮૧ ઉપર ફોન આવતાની સાથે ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. જ્યાં પરામર્શ કરતાં ખબર પડી કે, આ યુવતી છેલ્લા પાંચ વર્ષથી આ યુવાન સાથે સંપર્કમાં હતી. આ દરમિયાન બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ યુવતીનો અભ્યાસક્રમ ચાલુ હોય યુવતીએ યુવાન સામે લગ્નનો પ્રસ્તાવ મૂકયો હતો. પણ યુવાન અને તેના પરિવાર લગ્નની ના પાડી હતી. ૧૮૧ની ટીમે યુવાન અને તેના પરિવાર સાથે જરૂરી પરામર્શ કરી બન્ને પુખ્ત વયના હોય કાયદાકીય સમજ આપી ગામના સરપંચ અને સભ્યને પણ સાથે રાખીને સમજાવતાં આખરે આ યુવતીને અપનાવવા યુવક અને પરિવારજનો તૈયાર થયા હતા. આમ ૧૮૧ ની ટીમ યુવતીને વ્હારે આવી હતી.

બજાજ ફાઈનાન્સના નામે વધુ એક ઠગાઈ

બજાજ ફાઈનાન્સના નામે વધુ એક ઓનલાઈન ઠગાઈ થઈ હતી. એ.કે. રોડ ધરમનગર સોસાયટીમાં રહેતા રત્નકલાકાર યોગેશ ધીરૂભાઈ નસિતને બજાજ ફાઈનાન્સ કસ્ટમર કેરના નામે ફોનકરનાર અજાણ્યા વ્યકિત બેન્ક ખાતાના વિગતો મેળવી આ અજાણ્યા વ્યકિતએ યોગેશભાઈના બેન્ક એકાઉન્ટમાંથી રૂા. ૪૦,૩૨૩ ઉપાડી લીધા હતા. યોગેશભાઈની ફરિયાદોંધી વરાછા પોલીસે તપાસ હાથ ધરી છે આમ, ઓનલાઈન ઠગાઈના બનાવો વધતા જાય છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને ઈચ્છુક નોકરણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની સોલ્યુશન તમને મેળવી આપવામાં મદદરૂપ થશે.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
(PLAN - A)
માત્ર ૫૫૦/-માં
PLAN - A
LEVEL INCOME
1st 100/-
2nd 70/-
3rd 50/-
4th 40/-
5th 30/-
Total 290/-
(PLAN - B)
માત્ર ૩૦૦૦/-માં
PLAN - B
LEVEL INCOME
1st 750/-
2nd 500/-
3rd 300/-
4th 200/-
5th 100/-
Total 1850/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશેષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે
ક્રમ | કોર્સનું નામ | પ્રવેશ લાયકાત
૧ | ડીપ્લોમા ઓફ નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ) | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨ | જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩ | ઓકઝીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.) | ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ
-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાંથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઇ દિકરામાં રામ-શ્રવણ અને કોઇ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઇ ભાઇશંકરભાઇ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમય:- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :-
શ્રી ગાયત્રી મંદિર
ભાલોદ
-: આયોજક :-
સમસ્ત ભાલોદ ગામજનો
ભાલોદ

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સાનીધ્યે રહેવાની મજા
આજવા ગ્રીન રીસોર્ટ
AC/NON AC ROOMS
તદ્દન નવી રાઈડ્સ સાથે કાર્ટરૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા એજ્યુકેશન ઈન બેઝીક વોકેશન્સ એન્ડ સોફ્સ સ્કીલ્સના તાલીમ વર્ગ શરૂ કરાયા



વલસાડ

વલસાડના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સફલ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી એજ્યુકેશન ઈન બેઝીક વોકેશન્સ એન્ડ સોફ્ટ સ્કીલ્સના ત્રણ માસના તાલીમ વર્ગની શરૂઆત સફલ ચેરીટેબલ ટ્રસ્ટ, જુમ્મા મસ્જિદની સામે, મોટા બજાર, વલસાડ ખાતે શરૂ કરવામાં આવી હતી. નહેરુ યુવા કેન્દ્રના વિનયભાઈ પટેલે તાલીમ વર્ગ તેમજ નહેરુ યુવા કેન્દ્રના કાર્યોની જયારે યુનિયન બેન્કના મેનેજર રાજપાલ સિંહે બેંકની ઉપયોગીતા અને તેમાં ચાલતા વ્યવહારો વિષયક જાણકારી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ફરહાબેન શેખે કર્યું હતું. આ તાલીમ વર્ગના શુભારંભ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારી શૈલેષભાઈ કંજારીયા, સમાજ સુરક્ષા અધિકારી દિવ્યેશ પટેલ, સફલ ચેરીટેબલ ટ્રસ્ટના જીજ્ઞેશ પટેલ તેમજ પારૂલ ગજ્જર, કોમ્પ્યુટર શિક્ષક સરસ્વતીબેન પટેલ, સુમૈયાબેન તેમજ તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

તા.૮મીએ ધરમપુર ખાતે વલસાડ જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે



વલસાડ

વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં તા.૮મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ વલસાડ ધરમપુર તાલુકાના માલનપાડા ખાતે જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. આ પ્રસંગે ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લી.ના ઉપાધ્યક્ષ અમરશીભાઇ ખાંભલીયા પણ ઉપસ્થિત રહેશે. આ ગરીબ કલ્યાણ મેળામાં જુદી-જુદી સરકારી યોજનાઓ હેઠળ અંદાજે ૯૯૯૮ લાભાર્થીઓને અંદાજે રૂા.૪.૭૫ કરોડની વધુ રકમની સાધન સહાયના લાભોનું વિતરણ કરાશે. જેના આયોજના ભાગરૂપે વલસાડ કલેક્ટરાલય ખાતે કલેક્ટર સી.આર. ખરસાણની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. બેઠકમાં કલેક્ટર સી.આર.ખરસાણે ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત રહેનારા લાભાર્થીઓને લાવવાની સાથે યોગ્ય વિતરણ વ્યવસ્થા તેમજ આનુષાંગિક કામગીરીની ચર્ચા-વિચારણા કરી હતી. આ કાર્યક્રમમાં અમલીકરણ અધિકારીઓએ કરવાની થતી કામગીરીની સમીક્ષા કરી જરૂરી સલાહ સૂચનો કર્યા હતાં.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઈ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૌધરી, પ્રાયોજન વહીવટદાર ચુડાસમા સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

તા.પમીએ અબ્રામા ખાતે બોર્ડની પરીક્ષા લક્ષી સેમિનાર 'એન્જોય યોર એકઝામ' યોજાશે

વલસાડ

મારુતિ વિદ્યાપીઠ, અબ્રામા વલસાડ દ્વારા સ્વામીનારાયણ ગુરુકુળ, મારુતિ વિદ્યાપીઠના પ્રાંગણમાં રણછોડજી આશ્રમ, સોનાસરિતા, અબ્રામા, ધરમપુર રોડ, વલસાડ ખાતે તા.૫/૧/૨૦૧૯ના રોજ સાંજે ૫-૩૦ વાગે બોર્ડની પરીક્ષા લક્ષી સેમિનાર 'એન્જોય યોર એકઝામ' યોજાશે.

આ સેમિનારમાં દિપેશ શાહ દ્વારા તણાવ મુક્ત વાતાવરણ બનાવવામાં માતા-પિતાની ભૂમિકા, વાંચવા અને લખવાની પદ્ધતિ, વાંચન માટેના ટાઇમટેબલનું આયોજન અને અમલીકરણ, બાળક માટે કેવા ખોરાકની જરૂરિયાત, આપના સંતાનોને ઓખળો તેમજ સુંદર પરિણામલક્ષી તૈયારનું આયોજન વગેરે વિષયો ઉપર રસપ્રદ રીતે સમજૂતી અને માર્ગદર્શન આપવાની સાથે ચર્ચા-વિચારણા પણ કરવામાં આવશે.

આ સેમિનારમાં પ્રવેશ વિનામૂલ્યે આપવામાં આવશે, જેમાં ભાગ લેવા માટે ૦૮૧૫૪૦૫૫૫૦૮ /૦૯ ઉપર ફોન અને મેસેજ મોકલવા મારુતિ વિદ્યાપીઠ, અબ્રામા-વલસાડના આચાર્ય દ્વારા જણાવાયું છે.

પ્રગતિ મંડળ દ્વારા રક્તદાન શિબિર યોજાયો

સુરત

પ્રગતિ યુવક મંડળ-પ્રગતિ વિદ્યાલય અને શ્રી સત્ય સાંઈ યુવક મંડળ (સહારા દરવાજાના મહારાજા)ના સંયુકત ઉપક્રમે તા.૨૩.૧૨.૨૦૧૮ના રોજ સહારા દરવાજ કાગદીની ચાલ મુકામે રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન ધારાસભ્ય કાંતિભાઈ બલરના શુભહસ્તે કરી પ્રગતિના પ્રમુખ ઈન્દુભાઈ દાળવાલા-ડૉ. મુકેશભાઈ જગીવાલા-ચિરાગ સાલવીની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી કરવામાં આવેલ. સદર કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા અને આ માનવતાના કાર્યમાં ૧૧૯ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું

તા.પમીએ સંચારી રોગ અટકાયત અંગેની બેઠક મળશે

વલસાડ

વલસાડ જિલ્લામાં સંચારી રોગચાળા અટકાયત અંગેની સંકલન સમિતિની બેઠક તા.૫/૧/૧૯ના રોજ સાંજે ૪-૪૫ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેકટર સી.આર. ખરસાણની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં પાણીજન્ય, વાહકજન્ય, લેપ્ટોસ્પાયરોસીસ તેમજ એચ૧એન૧ રોગચાળા અંગે થયેલી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવશે.

ગુજરાતભરમાં નવસારીમાં બીજા દિવસે પણ સૌથી નીચુ તાપમાન દર્જ

નવસારીમાં ૭ અને વલસાડમાં ૯ ડિગ્રી

સુરત

જમ્મુ કાશ્મીર અને ઉત્તર ભારતમાં હિમવર્ષાના પગલે કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ઉત્તર દિશાથી ફૂંકાતા હિમ પવનના લીધે રાજયના હવામાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે આજે સતત બીજા દિવસે રાજયમાં ૭ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન સાથેનવસારીમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૩.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા તેમજ ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગત રોજની સરખામણીએ આજે શહેરમાં અધિકત્તમ અને ન્યુનત્તમ તાપમાનમાં ૨-૨ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આજે મળસ્કે શહેરીજનોને ફુલગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૭ ડિગ્રી નોંધાયુ છે. ગતરોજની સરખામણીએ આજે પણ ૭ ડિગરી ન્યુનત્તમ તાપમાન યથાવત રહ્યું નવસારીમાંનોંધાઈ છે. સતત બે દિવસથી નવસારીમાંથી ઠુઠવાઈ રહ્યું છે રાત્રે અને મળસ્કે કાતિલ ઠંડીનો અનુભવથઈ રહ્યો છે. જ્યારે દિવસ દરમિયાન પણ લોકો ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોની મદદ લેતા નજરે પડયા હતા. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૯.૧ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૧ ડિગ્રી નોંધાયું હતું. વલસાડ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં બેઠી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગના સૂત્રોએ વધુમાં ઉમેર્યું છે કે આગામી બે-ત્રણ દિવસ સુધી ઠંડીનું જોર યથાવત રહેશે.

ટ્રાફિકજામ કરવાનાં આરોપસર અલ્પેશ કથરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

સુરત

ગત ૨૮મી ડીસેમ્બરનાં રોજ વરાછા પોલીસ સ્ટેશનમાં ધમાલ કરનાર અને પોલીસને ગાળો બોલનાર અલ્પેશ કથરીયા અને સમર્થકો સામે ટ્રાફિક જામ કરવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. પબ્લિકનાં માણસ તરીકે ખીમાભાઈ ચૌહાણે વરાછા પોલીસ સ્ટેશનમાં અલ્પેશ વિરુદ્ધ અરજી કરી છે. મળતી વિગત પ્રમાણે ખીમાભાઈ ચૌહાણ પથરીનો દુઃખાવો ઉપડતા પોતાની ગાડીમાં સારવાર કરાવવા માટે જઈ રહ્યા હતા.

ખીમાભાઈની કારને પણ કેટલાક લોકો દ્વારા નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો આરોપ છે. ખીમાભાઈ ચૌહાણે કહ્યું કે, "અલ્પેશ કથરીયા, ધાર્મિક માલવિય અને તેમના સમર્થકો ખોટી રીતે હંગામો કરીને લોકોને તકલીફ પહોંચાડી રહ્યા છે." તેમણે કહ્યું કે, "પહેલા અનામત મુદ્દો હતો. હવે તો માત્ર બાઈક ઉપાડવામાં આવે તો પણ બધા પોલીસ સ્ટેશન પહોંચી જાય છે. લોકો ડરે છે તેથી સામે આવતા નથી, પરંતુ કોઇ એક જણે તો બોલવું જ પડશે."

ઉલ્લેખનીય છે કે ખીમાભાઈ ચૌહાણ સારવાર અર્થે દવાખાને જઈ રહ્યા હતા તે દરમિયાન અલ્પેશ કથરીયાનાં સમર્થકો દ્વારા ટ્રાફિક જામ કરવામાં આવ્યું હતુ અને તેમની કારને પણ નુકસાન કરવામાં આવ્યું હતુ. ખીમાભાઈ ચૌહાણે પબ્લિકનાં માણસ તરીકે વરાછા પોલીસ સ્ટેશનમાં અલ્પેશ વિરુદ્ધ અરજી કરી છે.













નર્સિંગ કોલેજમાં શિક્ષકોના અભાવે ૧૦૦ સ્ટુડન્ટનું ભાવિ અંધકારમય

રાજપીપળા

નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં રૂપિયા ૧૩ કરોડના ખર્ચે અદ્યતન સુવિધા સજ્જ નર્સિંગ સ્કૂલ બિલ્ડીંગ બનાવવામાં આવી હતી. પરંતુ આજે રાજપીપળા નર્સિંગ સ્કૂલમાં શિક્ષકોના અભાવે ૧૦૦ સ્ટુડન્ટનું ભાવિ અંધકારમય થઇ ગયું છે. નર્સિંગ કોલેજમાં છેલ્લા ૪ મહિનાથી શિક્ષણ કાર્ય બગડી રહ્યું છે. જેથી નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવાએ આજે નર્સિંગ સ્કૂલની મુલાકાત લીધી હતી. આ સમયે સ્ટુડન્ટ્સ ધારાસભ્ય સમક્ષ રડી પડી હતી. અને નર્સિંગ સ્કૂલને બચાવી લેવા માટે અપીલ કરી હતી.

નર્મદા જિલ્લાની એક માત્ર નર્સિંગ સ્કૂલ જેમાં જીએનએમ અને એએનએમના કોર્સમાં ૧૦૦ સ્ટુડન્ટ અભ્યાસ કરે છે. નાંદોદ ધારાસભ્ય પીડી વસાવાએ સ્ટુડન્ટ્સની વેદના સાંભળીને જાતે ડઘાઈ ગયા. અને સ્ટુડન્ટ્સની હાલત જોઈને સ્વીકાર્યું હતું કે, ૧૩ કરોડની બિલ્ડીંગ આપતી સરકારને શિક્ષણ પ્રત્યે જરા પણ ભાન નથી. તેઓએ તાત્કાલિક સિવિલ સર્જન સંગીતા પરીખને ફોન કરી આ બાબતે જાણ કરી હતી.

નર્સિંગના સ્ટુડન્ટ્સે ધારાસભ્યને રજૂઆત કરી હતી કે, સાહેબ અમારી સ્કૂલને બચાવી લો નહીં તો આચાર્ય બંધ કરાવી દેશે. તેઓ અમને ખુબ ત્રાસ આપે છે, તેમને કારણે અમે ૩થી ૪ મહિનાથી શિક્ષણથી વંચિત છે. આ નર્સિંગ સ્કૂલનું પરિણામ નબળું બતાવવા અમને ભણાવવામાં આવતા નથી. આ નર્સિંગ સ્કૂલને વડોદરા લઇ જવાની વાતો સાહેબ કરે છે અને અમને બોગસ નર્સ સાબિત કરવા માંગે છે. આ સ્કૂલ નર્મદામાંથી ના જવી જોઈએ.

આ બાબતે ધારાસભ્ય પીડી વસાવાએ જણાવ્યું હતું કે, આચાર્ય વિરુદ્ધ ઘણી ફરિયાદો છે. સિવિલ સર્જને પણ તેમની કાળજી લેવી જોઈએ. નર્સિંગના સ્ટુડન્ટ્સને યોગ્ય તાલીમ જ નહીં આપવામાં આવે તો તેઓ તમને જ્યારે નોકરી લાગશે ત્યારે શું કરશે. આ ગંભીર બાબત છે. હું સરકારમાં આરોગ્ય વિભાગમાં રજૂઆત કરીને પ્રશ્નનો હલ લાવીશ.

તા.૫મીએ તમાકુ નિયંત્રણ કમિટીની બેઠક મળશે

વલસાડ જિલ્લા તમાકુ નિયંત્રણ કમિટિની બેઠક તા.૫/૧/૧૯ના રોજ સાંજે ૪-૧૫ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેકટર સી.આર.ખરસાણની અધ્યક્ષતામાં મળશે.

વલસાડ જિલ્લા માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળા ક્રીડામંડળ આયોજિત

૪૮મા વાર્ષિક રમતોત્સવનો શુભારંભ કરાવતા આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર





વલસાડ

વલસાડ જિલ્લાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ક્રીડા મંડળ આયોજિત ૪૮મા વાર્ષિક રમતત્સવનો શાંતિના દૂત કબૂતરોને મુકત વિહાર તેમજ ધ્વજારોહણ કરી શુભારંભ કરાવતાં વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જિલ્લા કક્ષાની રમતમાં ભાગ લઈ રહેલા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી વિજેતા બની આગળ વધે તેવી શુભકામના પાઠવી હતી.

આ અવસરે મંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભના માધ્યમ થકી રમતગમતને પ્રોત્સાહન મળ્યું છે. જેના થકી ડાંગની સરિતા ગાયકવાડ આગળ વધી સમગ્ર વિશ્વમાં દેશનું નામ રોશન કર્યું છે, આ ઉપરાંત મુરલી ગામીતે પણ દોડમાં વિજેતા બની દેશનું ગૌરવ વધાર્યું છે. પોતાનામાં રહેલા રમતગમતના કૌશલ્યને બહાર લાવવા રમતમાં પૂરતું ધ્યાન રાખવું જોઈએ, તેમ જણાવી રમતની સાથે શિક્ષણ પણ એટલું જ અગત્યનું છે, ત્યારે સમયનો સદુપયોગ કરવો જરૂરી છે. પ્રમાણિકતાથી કૌશલ્યતા બતાવી રમત રમશો તો જરૂર સફળતા મળશે તેમ જણાવી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિને બહાર લાવવાની સાથે યોગ્યતા ધરાવતા ખેલાડીઓને પ્લેટફોર્મ મળે તે માટે આ પ્રકારના રમતોત્સવોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, તે બદલ ક્રીડામંડળ વલસાડના આયોજનની સરાહના કરી હતી. આ રમતોત્સવને પ્રોત્સાહન આપવા દાતાઓ પણ પોતાનું યોગદાન આપે છે, તે અભિનંદનીય છે. બેસ્ટ પેપરમીલના ડાયરેક્ટર નીતિનભાઇ ઓઝા તેમજ વિશ્વંભરી ટ્રસ્ટ-રાબડાના કિરીટભાઇ દેડાણીયાએ પ્રાસંગિક ઉદબોધનોમાં વિદ્યાર્થીઓ તેમના જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

બે દિવસ ચાલનારા આ રમતોત્સવમાં ખો-ખો, કબડ્ડી, વોલીબોલ વગેરે રમતોની ૭૨ જેટલી ટીમો ભાગ લઈ રહી છે.

આ રમતોત્સવના આયોજનમાં ઓમ સાઇ ફિશિંગ ગ્રૂપ દ્વારા ૫૫ હજાર સહિત વિવિધ દાતાઓએ નાણાંકીય અને વસ્તુ સ્વરૂપે સહાય કરી હતી. મંડળના ઉપપ્રમુખ તેમજ બાઇ આવાંબાઇ સ્કૂલના આચાર્ય અશ્વિનભાઇ રાવલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રૂચિ વધે તેમને પ્રોત્સાહન મળે અને સર્વાંગીણ વિકાસ થાય તે માટે આ રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે.

મંડળના મંત્રી ધનસુખભાઇ ટંડેલે સંસ્થાકીય જાણકારી આપવાની સાથે ક્રીડામંડળના કાર્યોની રૂપરેખા આપી રમતોત્સવમાં ભાગ લેનારી ટીમોને શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નવસારીના ગોપાળભાઇ ટંડેલે કર્યું હતું.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેક્ટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૦, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના
ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઇપો
ગેલ્વેનાઇઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઇપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ • E-mail : info@mugatlalbsons.com

રાજપીપળાના જાહેર શૌચાલયોમાં અતિશય ગંદકીની જાણ બાદ ખુદ ચીફ ઓફિસરની વિઝિટ



પાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત ચીફ ઓફિસર અમિત પંડ્યા શૌચાલય જેવી બાબતે જાત તપાસમાં જતા આળસુઓમાં ફફડાટ

રાજપીપળા: એક તરફ સરકાર સ્વચ્છ ભારત અભિયાન ચલાવી રહી છે અને સ્વછતા માટે કરોડોનો ધુમાડો થઈ રહ્યો છે, ત્યારે રાજપીપળામાં જાહેર શૌચાલમાં ગંદકી બાબતેની ફરિયાદ સાંભળતાજ પાલિકાના સી.ઓ.અમિત પંડ્યા કે જે અમુક આળસુ કર્મચારીઓની આળસ ખંખેરવા માટે જાણીતા છે એ પોતે ગુરુવારે સવારે રાજપીપળા શહેરમાં આવેલા શૌચાલયો પર જાતે પોહ્ચ્યા અને તપાસ કરી આસપાસના લોકોની પણ પૂછપરછમાં ત્યાં ઘણા સમયથી દુર્ગંધના કારણે લોકો ત્રાસી ઉઠ્યા હોવાનું જાણવા મળતા અમિત પંડ્યાએ જેતે અજેન્સી સામે પગલાં લેવા અને પાલિકાના સેનેટરી વિભાગને તાત્કાલિક ગંદકીનું નિવારણ લાવવા જણાવ્યું હતું.

> ***ત્યારે પાલિકાના ચિફ ઓફિસર અમિત પંડયાએ જણાવ્યુ હતું કે શૌચાલયોમાં ગંદકીની બાબત મારા ધ્યાને આવતા મેં જાતે વિઝિટ કરી છે અને ત્યાંની સ્તિથી જોઈ મેં જેતે એજન્સીને નોટિસ આપવા તજવીજ હાથ ધરી છે સાથે અમારા સેનેટરી વિભાગને પણ ત્વરિત સમસ્યાનુ નિવારણ લાવવા આદેશ આપ્યો છે આવી લાપરવાહી સાંખી નહીં લેવાય.***

જોકે જાણવા મળ્યા મુજબ આ શૌચાલય બાબતે ધારાસભ્ય પી ડી વસાવા એ પણ પાલિકાને જાણ કરી હતી અને સ્થાનિકોની પણ ફરિયાદો હોય માટે ચીફ ઓફિસરે આખરે આળસુ કર્મચારીઓ અને એજન્સીની આળસ ખંખેરવા જાત તપાસ કરી હતી .

અમિત પંડ્યાની વિઝિટમાં રાજપીપળા સમાર્ટ પોલીસ સ્ટેશન પાસે આવેલા શૌચાલયનું મળમૂત્રનું પાણી સીધું બાજુની ગટરમાં જતું હોવાની બાબત લોકો દ્વારા ચીફ ઓફિસરના ધ્યાને આવતા ખુદ ચીફ ઓફિસર પણ ચોકી ઉઠ્યા હતા અને આ માટે જવાબદારો સામે કડક પગલાં લેવા જણાવ્યું હતું.

પ્રોહી.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વાલીયા પોલીસ

ભરૂચ : પોલીસ અધિક્ષક ભરૂચ રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચનાથી પ્રોહીબીશન તથા જુગાર બદી સદન્તર નાબુદ કરવાની ડ્રાઈવ ચાલતી હોય લગ્ધીરસિંહ ઝાલા નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર નાઓના માર્ગદર્શન મુજબ વાલીયા પોલીસની જુદી-જુદી ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી જુગારની રેઈડોની કામગીરી ચાલુમાં હતી તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર ઝેડ.એન. ઘાસુ વાલીયા પોલીસ સ્ટેશન નાઓને ખાનગી બાતમીદારથી ચોક્કસ આધારભુત માહીતી મળેલ કે ઉપર એક સીલ્વર કલરની મારૂતિવાન નંબર-જીજે ૫ સીપી ૧૨૮૦ માં ગે.કા.નો વાલીયા ચાર રસ્તાથી પસાર થનાર છે. તેવી ચોક્કસ બાતમી આધારે વાલીયા પોલીસ સ્ટે.ના પીઆઈ ઝેડ એન ઘાસુરા તથા પોલીસના માણસો તથા પંચો સાથે વાલીયા ચાર રસ્તાથી આગળ નાકાબંધી કરી ઉભા હતા તે દરમ્યાન બાતમીમાં જણાવ્યા મુજબની મારૂતિ અટકાવી આરોપીઓ (૧) જુનેદભાઈ ઈબ્રાઈમભાઈ અહમદભાઈ કડાવાલા મરપાડા ઉચવણ ફળિયું તા.ઉમરપાડા જી.સુરત તથા (૨) કૌશિકભાઈ ઉર્ફે બલો રસિકભાઈ ચૌધરી રહે. ગુંદિકુવા નિશાળ ફળિયું તા. ઉમરપાડા જી.સુરત નાઓએ નંબર- જીજે ૫ સીપી ૧૨૮૦ માં. ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો જુદા જુદા માર્કાનો દારૂ તથા બી ૧૪ કુલ બોટલ નંગ - ૨૮૮ કુલ કિંમત રૂ.૭૨,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ વોર ૬) ભુપતભાઈ ગણપતભાઈ વસાવા રહે. ફોકડી તા. ઉમરપાડા તથા (૨) વસાવા રાજેશભાઈ જેના બાપાના નામની ખબર નથી ગામ રહે. ખાટાઆંબા તા. ઉમરપાડા પાસેથી મેળવી હેરા ફેરી દરમ્યાન પ્રોહી મુદ્દામાલ તથા પકડાયેલ વાહન તથા મોબાઈલ ફોન બે મળી કુલ મુદ્દામાલ કિમર રૂપિયા- ૨,૦૪,૦૦૦/- સાથે પકડી પાડેલ છે. સદર ઈસમો વિરુધ્ધમાં વાલીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ? ૦૧/૨૦૧૯ પ્રોહી એક્ટ કલમ- પ્રોહી એક્ટ કલમ - ૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અંક્લેશ્વર ગડખોલ પાટીયા વિપીન પાર્ક સોસાયટીના નાકેથી સ્વિફ્ટ કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમાનાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બીના ઈંચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.જે.ધડુક નાઓના માર્ગદર્શન હેઠળ જીલ્લામા દારૂ તેમજ જુગારની પ્રવૃતિ અટકાવવા માટે એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી તેમજ ટીમના 'પોલીસ માણસો અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અંક્લેશ્વર વિપીન પાર્ક સોસાયટીના નાકે વોચમાં રહી ભારતીય બૈનાવટ ના વિદેશી દારૂ ની હેરફેરી કરતા (૧) વિરલભાઈ વિજયભાઈ પરમાર રહે, બી/૧૫૮ જનકવાટીકા સોસાયટી અંક્લેશ્વર (૨)રાકેશકુમાર કરશનભાઈ પરમાર રહે. શેરા ગામ તા. હાંસોટનાઓને મારુતિ સુઝુકી સ્વિફ્ટ ડીઝાયર ગાડી નં.જીજે.૧૬ સીએચ-૨૩૮૯ માં ભારતીય બનાવટના વિદેશી બોટલ નં-૨૩ કિ.રૂ. ૧૧૯૬૦/-તથા બે મોબાઈલ ફોનની કિ.રૂ. ૧૧૦૦૦/- તથા ગાડીની કિ.રૂ.૬,૦.૦૦૦/- સાથે કુલ મુદ્દામાલ ૬,૨૨,૯૬૦/-સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

માનસીક રીતે બીમાર નવ માસની NRI બાળકીનું ડોકટર નિષ્કાળજીના કારણે મોત



ભરૂચ,

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ જિલ્લાના મુળ પરીએજ ગામના અને દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયેલા ઈરફાન પટેલની નવ માસની બાળકી નામે ઈકરા ઈરફાન પટેલ કોઈક માનસીક બીમારીથી પીડાઈ રહી હતી. જેની સારવાર અર્થે NRI પરિવાર વડોદરા ખાતે સારવાર અર્થે આવ્યું હતું અને ભરૂચ સેવાશ્રામ હોસ્પિટલ ખાતે આવેલ મીરાઝ સીટીસ્કેન કરાવવા આવ્યું હતું. દરમિયાન એક BHMS ડોકટર દ્વારા બાળકીને બેભાન કરવા એનએસથેસીયાનું ઈન્જેકશન મુકવામાં આવ્યું હતું. ત્યાર બાદ બાળકીને MRI કરાવવા ખસેડાઈ હતી પરંતુ MRI બાદ બાળકી ભાનમાં ન આવતા એને તાત્કાલિક ધોરણે ICU મા ખસેડાઈ હતી. જયાં તેને મૃત ઘોષિત કરવામાં આવી હતી. દરમિયાન ડોકટરની આ ગંભીર ભુલના કારણે બાળકીના પરિવારજનો રોષે ભરાયા હતાં અને હોસ્પિટલ ખાતે ધસી આવી હોબાળો મચાવ્યો હતો. જયાં તોડફોડ અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતાં. સ્થળ પર પોલીસે પહોંચી જઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પરિવારજનોએ કર્યો હોસ્પિટલ પર હોબાળો

સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર પણ નિર્ભયા ટીમની પ્રવાસીઓના દિલ જીતી લેતી કામગીરી



રાજપીપળા : નર્મદા જિલ્લાની શાળા કૉલેજમાં સફળ કામગીરી બાદ હવે કેવડીયા ખાતે પણ નિર્ભયા ટીમ સ્ટેચ્યુ પરની કામગીરીમા ખુબજ રંગ લાવી રહી છે જેમાં આવનાર પ્રવાસીયોના દિલ જીતી લઈ એમને પડતી તકલીફમાં મદદરૂપ થઈ નિર્ભયા ટીમની બહેનોએ બહારથી આવતા પ્રવાસીયો સામે નર્મદા પોલીસનું નામ રોશન કરી રહી છે આ નિર્ભયા ટિમ પાછળ ટીમના લીડર પીએસઆઈ કે.કે.પાઠકનું માર્ગદર્શન અને અનુભવનો નિચોડ ખુબ કામ આવી રહ્યો છે અને એના કારણેજ નર્મદા જિલ્લામાં કાર્યરત નિર્ભયા ટિમની કામગીરી પરથી અન્ય જિલ્લાના પોલીસ વિભાગે પણ શીખ લીધી છે ત્યારે આ ટીમની રચના કરનારા નર્મદા પોલીસ વડા મહેન્દ્ર બગડિયાની પણ પ્રશંસા કરીયે એટલી ઓછી છે કેમકે જિલ્લામાં પોલીસ સ્ટાફની અછત હોવા છતાં આવી સફળ કામગીરી અન્યો માટે જરૂર નોંધપાત્ર અને પ્રેરણારૂપ સાબિત થશે.











નાંદોદ ધારાસભ્યએ રાજપીપલા નર્સિંગ સ્કૂલની વિઝીટ લેતા વિદ્યાર્થીનીઓ રડી પડી



નર્સિંગ સ્કૂલના અણઘડ સહિતના કારણે વિદ્યાર્થિનીઓએ કરી રજુઆત કે સાહેબ અમારી નર્સિંગ સ્કૂલને બચાવો, અમારું ભાવિ અંધકારમય લાગે છે

રાજપીપળા : નર્મદા જિલ્લાની એક માત્ર નર્સિંગ સ્કૂલ જેમાં ય્ન્સ અને છ્ન્સ બંનેના કુલ મળી ૧૦૦ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ છે. જેમની હાલત હાલ એકદમ ખરાબ છે. કેમ કે જેમને ૩ થી ૪ મહિનાઓથી એક પણ શિક્ષક ભણાવવા આવ્યું નથી. માત્ર મોટા ચોપડા લઈને બેસી રહે છે. અને એક પણ પ્રેક્ટિકલ થયું નથી. નર્સિંગ સ્કૂલના વિદ્યાર્થીઓની આ હાલત જોઈ ને નાંદોદ ધારાસભ્ય પીડી વસાવાએ નર્સિંગ સ્કૂલની અચાનક મુલાકાત લીધી અને વિદ્યાર્થીને મળ્યા ત્યારે તેમની વેદના સાંભળીને પોતે સ્તબ્ધ થઈ ગયા અને વિદ્યાર્થીની હાલત જોઈ જાતે સ્વીકાર્યું કે ૧૩ કરોડની બિલ્ડીંગ આપતી સરકારને શિક્ષણ પ્રત્યે જરાપણ ભાન નથી તેમ કહી આવી હાલતની રજુઆત તાત્કાલિક સિવિલ સર્જન સંગીતા પરીખને ફોન કરી હતી કે આવી હાલત છે તો તમે કેમ કશું કરતા નથી. જોકે વિદ્યાર્થીની અને વિદ્યાર્થીઓએ રજુઆત કરતા ધારાસભ્ય સામે રડી પ્યા હતા અને કહ્યું હતુંકે સાહેબ અમારી સ્કૂલને બચાવી લો નહીં તો આચાર્ય બંધ કરાવી ઝંપસે. તેઓ અમને ખૂબ ત્રાસ આપે છે તેમને કારણે આજે અમે ૩ થી ૪ મહિનાથી શિક્ષણ થી વંચિત છે.

આ બાબતે ધારાસભ્ય પીડી વસાવા એ જણાવ્યું કે આચાર્ય વિરુદ્ધ ઘણી ફરિયાદ છે. સાથે સિવિલ સર્જને પણ કાળજી લેવી જોઈએ. ૧૦૦ બાળકોનું શિક્ષણ બગડે તેમન ભાવિનું શું...? ડોક્ટર સાથે દર્દીને સારો કરવામાં નર્સનો મહત્વનો ભાગ છે જ્યારે તેમને તાલીમજ નહી આપવામાં આવે તો તેઓ જ્યારે નોકરી લાગશે ત્યારે શું કરશે માટે આ ગંભીર બાબત છે. હું સરકારના આરોગ્ય વિભાગમાં રજુઆત કરી પ્રશ્નનનો હલ લાવીને જ જંપીશ.

આ સ્કૂલમાં વિદ્યાર્થીઓને ઘણી અન્ય મુશ્કેલી પણ છે

જેમાં પીવાનું પાણી સહિતની અન્ય સુવિધા નથી જેથી વિદ્યાર્થીઓ પોતાના પૈસા ખર્ચી સ્કૂલમાં પાણી લાવે છે.

રહેવાની સુવિધા નથી પંખા નથી, વાંચવાની, તથા ટેબલ, કબાટ ની સુવિધા નથી બેડની સુવિધા ના હોય વિદ્યાર્થીનીઓ નીચે સૂવું પડે છે.જ્યારે વિદ્યાર્થીઓ પાસે મેસના ૨૩૦૦ રૂપિયા દર મહીને ઉઘરાવવામાં આવે છે જે ઘણા વધુ હોય માત્ર ૧૫૦૦ જેટલા હોવા જોઈએ અન્ય કોલેજોમાં ઓછી રકમ લેવાય છે અને સારી સુવિધા મળે છે.

ઈન્ચાર્જ આચાર્ય પર સીધો આક્ષેપ, જેમના લીધે સંચાલન બગડી રહ્યું એના પર એક્શન સરકાર લે : પી.ડી .વસાવા

સ્ટેચ્યુ ઓફ યુનિટીને પગલે રાજપીપળાથી પોઈચા રોડને ફોર લેન બનાવવા સરકારે ૭૫ કરોડ રૂપિયા મંજુર કર્યા

વડોદરાથી કેવડિયા અને અંકલેશ્વરથી કેવડિયા બાદ રાજપીપળા થી પોઈચા રોડ ફોર લેન બનશે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા જમીન સંપાદન અંગેની કાર્યવાહી હાથ ધરાઈ

રાજપીપળા: નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિવની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણ પામી છે.તો પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવા અગવડ ન પડે એ માટે વડોદરાથી કેવડિયા અને અંકલેશ્વરથી કેવડિયા સુધીનો ફોર લેન રોડનું નિર્માણ કાર્ય પૂરું થયું છે.એ બાદ રાજપીપળાથી પોઈચા સુધી ફોર લેન રોડ બનાવવા સરકાર દ્વારા લીલી ઝંડી અપાઈ છે.

ગુજરાત સરકારે રાજપીપળાથી પોઈચા સુધીનો ફોર લેન રોડ બનાવવા માટે ૭૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાવી જાહેરાત કરી દેવાઈ છે.જેથી નર્મદા જિલ્લા માર્ગ અને મકાન દ્વાર હાલ જમીન સંપાદન અંગેની કાર્યવાહી પણ આરંભી દેવાઈ છે.સાથે સાથે એ જમીનની આસપાસના સરકારી અને ખાનગી કંપનીના મોબાઈલના અન્ડરગ્રાઉન્ડ કેબલો હટાવી લેવવાનું જાહેરનામું પણ બહાર પડાયું છે.

હાલ તો રાજપીપળા પોઈચા રોડ પર પ્રસિધ્ધ નિલકંઠ ધામ મંદિરને પગલે રજાના દિવસોમાં ભારે ટ્રાફિક જામનો પ્રશ્ન સર્જાતો હતો.પણ હવે આ જ રોડ ફોર લેન બનવા જઈ રહ્યો છે ત્યારે હવે રાજપીપળા વાસીઓનો ટ્રાફિક જામનો વિકટ પ્રશ્ન ટુંકજ સમયમાં હલ થશે.હાલ તો જમીન સંપાદનની કાર્યવાહી બાદ લેવલિંગની કામગીરી ચાલુ થશે એ બાદ રોડની કામગીરી ચાલુ કરાશે એવું માર્ગ અને મકાન વિભાગના સૂત્રો દ્વારા જણાવાયુ છે.ટ કરી છે અને ત્યાંની સ્તિથી જોઈ મેં જેતે એજન્સીને નોટિસ આપવા તજવીજ હાથ ધરી છે સાથે અમારા સેનેટરી વિભાગને પણ ત્વરિત સમસ્યાનુ નિવારણ લાવવા આદેશ આપ્યો છે આવી લાપરવાહી સાંખી નહીં લેવાય.

વિદેશી તબીબો દ્વારા નર્મદા સુગર ફેકટરી ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

બે દિવસમાં ૧૫૦૦ થી વધુ દર્દીઓનુ નિદાન થયું , અમેરિકાના એનેસ્થેટીક, કાર્ડીઓલોજીસ્ટ, આઈ સર્જન ડોક્ટરોએ સેવા આપી



રાજપીપળા : નર્મદા સુગર ફેકટરી ખાતે સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતું જેમા એક દિવસમા ૮૦૦ જેટલા દર્દીઓનુ નિદાન કરાયુ હતુ. જ્યારે બે દિવસમાં ૧૫૦૦ થી વધુ દર્દીઓએ વિવિધ રોગોનું સચોટ નિદાન કરાવ્યું અમેરિકાના એનેસ્થેટીક ડોક્ટર અને નર્મદા સુગર ફેકટરી, રાજશ્રી પોલીફિલના સંયુક્ત ઉપક્મે આ કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતું આ મેડીકલ કેમ્પને નર્મદા કલેકટર આર એસ નિનામા અને સુગર ચેરમેન ઘનશ્યામ પટેલના હસ્તે ખુલ્લો મુકાયો હતો. નર્મદા જિલ્લો આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે અને દીઓ સારાર માટે જવા ભાગ્યા નિદાન કરવતા નથી અને જવા આવવા માટે કેટલાક ગરિબ પરીવારો પાસે ભાડુ પણ હોતુ નથી ત્યારે જો કોઈ તેમની પાસે આરોગ્ય સેવા લઈને પહોચે ત્યારે તેઓ નિદાન કરાવતા હોય છે. જેથી અમેરિકાના લોસએંજલસ શહેરમા રહેતા ડો.નિતિન શાહ સહીત તેમની ટીમ ધારીખેડા સુગર ફેક્ટરી અને રાજેશ્રી પોલીફિલે સાથે મળી આ મેગા મેડિકલ કેમ્પ સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન નર્મદા સુગર ફેકટરી ધારીખેડા ખાતે કર્યું હતું જેમા આજુબાજુના ૫૦થી વધુ ગામોના લોકો, ખેડુતો અને મજુરોને તજજ્ઞ તબીબો દ્વારા આંખ, નાક, ગળા, ચામડી, હદય, બાળ રોગ, સ્ત્રી રોગ, સહિતના અન્ય રોગોનો પણ ઉપચાર કરવામાં આવ્યો હતો. અને લોકોને મફત નિદાન કરી દાવાઓ પણ મફત આપવામાં આવી હતી. આ સર્વ રોગ નિદાન કેમ્પ નર્મદા સુગરના ચેરમેન ઘનશ્યામ પટેલ જિલ્લા કલેકટર આર.એસ.નિનામા સહીત એમ.ડી.નરેન્દ્ર પટેલ અન્ય ડિરેક્ટરો,રાજશ્રી પોલીફિલ્સના એક્ઝિ. પ્રેસિડન્ટ એસ.એલ.સારદા, સિ.જનરલ મેનેજર સંજય અગ્રવાલ, સાથે અમેરિકાના ડો.નીતિન શાહ, પ્રકાસ શાહ, ડો.અજયસીહ ઠાકોર, સહીત ભરૂચ, અંકલેશ્વર, રાજપીપળા, અને વડોદરાના તબીબોએ નિદાન કર્યું હતું બે દિવસના આ કેમ્પ માં ૧૫૦૦ થી વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.



ફક્ત સુગરના સાહેબો અને જિલ્લાના અધિકારીની વાહવાહીમાં લાગેલો સુગરનો સ્ટાફ આવા મોટા કાર્યક્મો કે સુગરની પ્રગતિમાં પત્રકારોને જાણ ન કરી જાતેજ ફોટા પાડી કાર્યક્મના મુખ્ય વિષયના બદલે સાહેબોનાંજ ફોટા આપવા ટેવાયેલા હોય એમ લાગે છે ત્યારે આજના આ કેમ્પમાં પણ અધિકારીઓના ગ્રુપ ફોટા આપી વાહવાહી કરતા જોવા મળ્યા અને ડોક્ટર દર્દીને તપાસતા હોય એવા ફોટા માંગવા પડ્યા હતા.તો આવા કેમ્પ કે અન્ય સેવાકીય કાર્યક્મો શું સાહેબોની નામના માટે રખાય છે...? કેમ અગાઉથી પત્રકારોને જાણ કરાતી નથી...? એવી વાત સામે આવી હતી ત્યારે સુગર ચેરમેન ઘનસ્યામભાઈ આ બાબતે ધ્યાન આપશે...?

પોહીબિશનના ગુનાઓમાં પોલીસ ધરપકડીથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુંડાસમાંનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ ઈ. એ.એસ. ચૌહાણનાઓની સુના અનુસંધાને ભરૂચ જીલ્લામાં ફરતા આરોપીઓ અનુસંધાને પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી પેરોલ સ્કોડ ભરૂચ સ્ટાફના માણસો સાથે આવા પકડવાના બાકી આરોપીઓને શોધી પેટ્રોલીગમાં હતા દરમ્યાન અંકલેશ્વર પો.સ્ટે.ના ગુનાઓમાં પકડવાનો બાકી આરોપી સુરેશભાઈ કાલીદાસ વસાવા ઊ.વ. ૩૦ રહે મોરા ફળીયા કોસમડી તા-અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહે બાલીસણા તા-જી- પાટણ નાને કોસમડી ખાતેથી તા. ૦૩/૦૧/૧૯ ના રોજ ૮/૦૯ કલમ- ૪૬/૧૬) એ મુજબ અટક કરી અંકલેશ્વર જીઆઈડીસી પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.









પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસના ફોર્મ મેળવવા બેંકોમાં લાંબી લાઈન

સુરત

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં ૩,૯૫૧ આવાસ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાલિકા દ્વારા આ યોજનાના આવાસ મેળવવા માટે ફોર્મ જાહેર કરવામાં આવ્યા છે.

પાલિકાએ નક્કી કરેલી બેંકમાંથી ફોર્મ વિતરણ શરૂ થતા બેંકો પર ફોર્મ લેવા માટે અરજદારોની લાંબી લાઈન લાગી ગઈ છે. અરજદારોએ ફોર્મ લઈને જરુરી પુરાવા સાથે ૨૫ જાન્યુઆરી સુધીમાં ફોર્મ લેવાના રહેશે રહેશે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવે ત્યારે નબળો પ્રતિસાદ મળ્યો હતો. પાલિકાએ બનાવેલા આવાસ કરતાપણ અરજદારોની સંખ્યા ઓછી હતી. જોકે ત્યાર બાદ લોકોએ આવાસની ગુણવત્તા અને લોકેશન જોયા બાદ આવાસ મેળવવા માટે પડાપડી થઈ હતી. ત્યારબાદ હવે સુરતમાં નગરપાલિકા પ્રધાનમંત્રી આવાસ યોજના ફેસ ટુ હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારમાં આવાસ બનાવી રહી છે.

શહેરના મોટા વરાછા કતારગામ પર્વત બેડવા વી આઈ પી રોડ ભરથાણા ભીમરાડ વિગેરે વિસ્તારમાં ૩૯૫૧ આવાસ બનાવવા માટેનું આયોજન કર્યું છે. જેમાં સૌથી વધારે ૧,૧૪૮ આવાસ ભગવાન મહાવીર કોલેજ ની પાછળ ભરથાણા ખાતે બનાવવામાં આવશે. આ આવાસના ફોર્મ ની કામગીરી સુરત મહાનગર પાલિકા આઈસીઆઈસીઆઇ બેંક્ની અઠવાલાઈન્સ અડાજન તથા મિની બજાર વરાછા સહિતની બેંકોમાંથી ફોર્મ આપવાની કામગીરી શરૂ કરી છે. ગુરુવારથી ફોર્મ વિતરણની કામગીરી શરૂ થતા ફોર્મ મેળવવા માટે અરજદારોએ બેંક પર લાંબી લાઈન લગાવી દીધી હતી. ગુરુવારથી શરૂ થયેલી ૨૫ જાન્યુઆરી સુધી રહેશે. સો રૂપિયા ના ફોર્મ સાથે અરજી કરીને વીસ હજાર રૂપિયાનો પાલિકાને અરજદારે આપવાનો રહેશે. અરજદારોની અરજી આવ્યા બાદ સુરત મહાનગરપાલિકા સ્કુટીનીકળશે અને ત્યારબાદ બાકી રહેલા ફોર્મ માં થી અરજદારોની અરજી નો ડ્રો કરશે.

ધર્મ પરિવર્તન કરાવી લગ્ન બાદ પત્ની પર ત્રાસ ગુજારતા પતિ વિરુદ્ધ ફરિયાદ

સુરત

સુરતના રાંદેરની પારસી શિક્ષિકાને મુસ્લિમ ધર્મ અંગીકાર કરાવી લગ્ન બાદ પતિએ ત્રાસ ગુજારવાનો શરૂ કર્યો હતો. તેણીની ગેરહાજરીમાં માસૂમ પુત્રીને પણ મારઝૂડ કરતા પતિના અત્યાચારથી કંટાળી જઈ પીડિત પરિણીતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી પ્રમાણે રાંદેર ખાતેની હસીન મંજિલમાં રહેતા જાવેદ ઈકબાલ હમદ ઝેરિયાર સાથે પારસી યુવતીના પ્રેમસંબંધ બંધાયા હતા. જાવેદે પારસી યુવતી સાથે લગ્નનો વાયદો તો કર્યો પરંતુ સાથે સાથે પારસી યુવતીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરવાની શરત પણ મુકી હતી.

ઈમોશનલ બ્લેકમેઈલ કરીને યુવતી પાસે ઈસ્લામ અંગીકાર કરાવી જાવેદે વર્ષ ૨૦૧૨માં તેની સાથે લગ્ન કર્યા હતા. જોકે, લગ્નના એક માસમાં જ જાવેદનું વર્તન સાવ બદલાઈ ગયું હતું. જાણે ઈસ્લામ અંગીકાર અને લગ્ન જ ઈરાદો હોય એમ જાવેદે કોઈપણ વાતે ભૂલો કાઢી તેણીને મેણાંટોળા મારી ત્રાસ આપવાનો શરૂ કરી દીધો હતો.

નાની નાની વાતમાં ઝઘડો કરી પરિવારના સભ્યોને અપશબ્દો બોલી તેણીને મારઝૂડ કરવામાં આવતી હતી. આવી સ્થિતિ વચ્ચે વર્ષ ૨૦૧૩માં તેમીએ પુત્રીને જન્મ આપ્યો હતો. સંતાન થતાંજ બધુ સમુસુતરું થઈ જશે એવી તેણીની આશા પણ ઠગારી નિવડી હતી.

પુત્રીના જન્મ પછી પણ જાવેદના સ્વભાવમાં કોઈ ફેર પડ્યો ન્હોતો. જાવેદ તેણી પર ખોટો શક કરવામાં આવતો હતો. મુંબઈમાં રહેતા પરિવાર સાથે પણ વાત કરવા દેતો ન્હોતો. સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતી પીડિતાએ હારી થાકીને પોલીસમાં ફરિયાદ આપી હતી.

લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓને એડવાન્સ બૂકીંગ કરાવી લેવા એસ.ટી.નો અનુરોધ

તમામ ડેપો-કંટ્રોલ પોઈન્ટ ખાતે બૂકીંગ કાઉન્ટર્સ શરૂ કરાયા



લોકરક્ષક દળની ભરતી પરીક્ષાના પરીક્ષાર્થીઓને તા.૬ઠ્ઠી જાન્યુઆરીએ વિનામૂલ્યે મુસાફરી કરાવવાની જાહેરાતના અનુસંધાને ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટેશન કોર્પોરેશને પરીક્ષાર્થીઓને એડવાન્સ બૂકીંગ સીસ્ટમનો ઉપયોગ કરીને બસમાં પોતાની સીટનું બૂકીંગ કરાવી લેવાની અપીલ કરી છે.

લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓની સવલત સચવાય અને વ્યવસ્થા જળવાયએ હેતુ એસ.ટી. નિગમના તમામ ડેપો, કંટ્રોલ પોઈન્ટ ખાતે એડવાન્સ બૂકીંગ કાઉન્ટર્સ શરૂ કરવામાં આવ્યા છે. લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓના ફોટો આઈ.ડી.પ્રુફ, કોલ લેટરના નંબર પરથી પરીક્ષાર્થીઓની બસ ટિકિટ એડવાન્સમાં બૂક કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૧૯,૧૯૬ પરીક્ષાર્થીઓએ મુસાફરી ટિકિટોનું એડવાન્સ બૂકીંગ કરાવી લીધું છે.

એસ.ટી. કોર્પોરેશન દ્વારા જણાવાયું છે કે, એસ.ટી.ના દરેક ડેપો પોતાની શિડ્યુલ ટ્રીપો ઉપરાંત લોકરક્ષક દળની ભરતી પરીક્ષા માટે જરૂરિયાત મુજબ એડવાન્સ બૂકીંગમાં નવી ટ્રીપો ઉમેરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨,૧૬૨ નવી ટ્રીપો ઉમેરવામાં આવી છે.

એસ.ટી.ના દરેક વિભાગોમાં ૨૪૮૭ કાર્યરત રહે તેવા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મધ્યસ્થ કચેરી, અમદાવાદ ખાતે પણ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. લોકરક્ષક દળની ભરતી પરીક્ષાના પરીક્ષાર્થીઓને કોઈ તકલીફ ન પડે તેની ચીવટભરી વ્યવસ્થા કરવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોન દ્વારા વોર્ડ નં.૪ અને વોર્ડ નં.૨માં ડીમોલીશન હાથ ધરાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૪, નોંધ નં.૪૨૩૯ વાલી મિલ્કતમાં મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલા પ્લાનો વિરૂદ્ધ બાંધકામ કરવામાં આવતા તા.૨-૧-૨૦૧૯ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા સુરત મહાનગરપાલિકાના સિક્યુરિટી સટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે કોલમના સળીયા, શટરિંગ તેમજ પાંચમાં માળે આશરે ૫૩૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવ્યો હતો. તેમજ વોર્ડ નં.૨, નોંધ નં.૧૧૦૭+૧૧૦૮ વાળી મિલ્કતમાં મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનમાં દર્શાવેલ ફેમિલી રૂમમાં હેતુફેરની મંજુરી મેળવ્યા વિના શર્ટર નાંખી દુકાન તરીકે ઉપયોગ શરૂ કરતા અગાઉ તા.૨૪-૭-૨૦૧૮ના રોજ થી દુર કરવામાં આવેલ. જે બાંધકામ મિલ્કતદાર દ્વારા મનસ્વીપણે ફરી બાંધકામ કરતા અત્રેથી તા.૨-૧-૨૦૧૯ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ દ્વારા સુરત મહાનગરપાલિકાના સિક્યુરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત હેતુફેર વાળા બાંધકામ દુર કરેલ છે અને શર્ટર નંગ ૪ દબાણ ઉપો જપ્ત કરેલ છે.













